RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI



# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ
અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 09
Issue : 205
Dt.: 31-05-2025,
Saturday
Page:04
Rs.00.50 paisa

EDITOR : RAGINI JIGNESHKUMAR VAGHELA Regd. Office : B/13, Sneh Plaza Shopping Centre, I.O.C. Road, Chandkheda, Ahmedabad-382 424, Gujarat, India.
Phone : 76983 33307 (M) 84859 51747, 70963 33307 ● Email : navsarjansanskruti2016@gmail.com ● Email : navsarjansanskruti2016@yahoo.com ● Website : www.navsarjansanskruti.com

### આતંકવાદ સામે નક્કર પગલા ન લેવાય ત્યાં સુધી મંત્રણા કરવાનો ઈનકાર

# સિંધુ જળ સંધિ, આતંક મુદ્દે મંત્રણાની પાકિસ્તાનની અપીલ ભારતે ફરી ફગાવી

### ભારતે પુનરોચ્ચાર કર્યો હતો કે જ્યાં સુધી ઈસ્લામાબાદ આતંકવાદ સામે નક્કર અને અસરકારક કાર્યવાહી નહીં કરે ત્યાં સુધી પાકિસ્તાન સાથે વાતચીત ફરી શરૂ થશે નહીં

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સિંધુ જળ સંધિ, આતંકવાદ અને કાશ્મીર સહિતના મુદ્દે મંત્રણા કરવાની પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફની અપીલને ભારતે ફરી એક વાર ફગાવી દીધો હતો. ભારતે પુનરોચ્ચાર કર્યો હતો કે જ્યાં સુધી ઈસ્લામાબાદ આતંકવાદ સામે નક્કર અને અસરકારક કાર્યવાહી નહીં કરે ત્યાં સુધી પાકિસ્તાન સાથે વાતચીત ફરી શરૂ થશે નહીં. 22 એપ્રિલના રોજ પહેલગામ આતંકવાદી હુમલા બાદ સ્થગિત કરાયેલી સિંધુ જળ સંધિ અંગે ભારતે જણાવ્યું હતું કે જ્યાં સુધી પાકિસ્તાન સીમાપાર આતંકવાદને સમર્થન આપવાનું બંધ નહીં કરે ત્યાં સુધી આ સંધિ સ્થગિત રહેશે. ભારતના વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે અમે ફરી એકવાર ભારપૂર્વક કહેવા માંગીએ છીએ કે આતંકવાદ અને વાતચીત એકસાથે ચાલી શકે નહીં. અમે આતંકવાદીઓના નામની યાદી થોડા વર્ષો પહેલા પાકિસ્તાનને આપી હતી. પાકિસ્તાને આ આતંકવાદીઓ ભારતને સોંપવા પડશે.

જમ્મુ અને કાશ્મીર પર વાતચીત ફક્ત Pko ખાલી કરવા કરવા પર જ થશે. સિંધુ જળ સંધિ અંગે જયસ્વાલે જણાવ્યું હતું કે પાકિસ્તાન ત્રાસવાદીઓને સમર્થન બંધ ન કરે ત્યાં સુધી તે સ્થગિત રહેશે. પીએમ મોદી કહ્યું છે કે ટેરર અને ટોક એકસાથે ચાલી શકે નહીં, ટેરર અને ટ્રેડ એકસાથે ચાલી શકે નહીં અને પાણી અને લોહી એકસાથે વહી શકે નહીં. ભારત સાથે કાશ્મીર વિવાદ અને આતંકવાદ વિરોધી મુદ્દા પર વાતચીત કરવા માટે તૈયારી દર્શાવતા પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફે જણાવ્યું હતું કે આગામી સમય માટે ત્રાસવાદના ખતરાને હરાવવા માટે આનાથી મોટી પ્રતિબદ્ધતા અને ઈરાદો હોઈ શકે નહીં અને તેમાં ભારત સંપૂર્ણ નિષ્ઠાપૂર્વક પ્રામાણિક સહયોગ ઈચ્છે છે, તો પાકિસ્તાન ભારત સાથે વેપારને પ્રોત્સાહન આપવા સાથે તૈયાર રહેશે. આ તમામ મુદ્દાઓ પર ટેબલ પર ચર્ચા કરવાની જરૂર છે.

### ગૃહમંત્રાલયે અમરનાથ યાત્રા માટે અભેદ સુરક્ષા કવચને બહાલી આપી

## ૩ જુલાઈથી શરૂ થનાર અમરનાથ યાત્રા માટે ૪૨૦૦૦ જવાનો ખડેપગે

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

પહેગામમાં નિર્દોષ પ્રવાસીઓની હત્યા બાદ દુઃખી થયેલા ભારતીયોને 'ઓપરેશન સિંદૂર'થી નવું જોમ મળ્યું છે. નિર્દોષ ભારતીયોનું લોહી રેડવાની નાપાક હરકત થશે તો આતંકવાદીઓ અને તેમના આકાઓને ભારતીય સેના જહન્નુમ ભેગા કરી દેશે તેવો વિશ્વાસ દરેક ભારતીયને છે. સશસ્ત્ર દળો પરના આ વિશ્વાસ અને 'બર્ફાની બાબા' પરની અખૂટ શ્રદ્ધાના બળે આ વર્ષે પણ નિયત સમય મુજબ પરંપરાગત અમરનાથ યાત્રાનું આયોજન થયું છે. 3 જુલાઈથી શરૂ થનારી યાત્રા માટે ગૃહ મંત્રાલય (MHA)એ યાત્રાના માર્ગો અને આસપાસના વિસ્તારોને સુરક્ષિત રાખવા માટે અર્ધલશ્કરી દળોની તૈનાતીને મંજૂરી આપી છે. સરળ અને સલામત મુસાફરી સુનિશ્ચિત કરવા માટે જમ્મુ અને કાશ્મીરમાં અર્ધલશ્કરી દળોની 581 કંપનીઓ તૈનાત કરવામાં આવશે. જેમાં લગભગ 42,000 ઓન-ગ્રાઉન્ડ સુરક્ષા કર્મચારીઓનો સમાવેશ થાય છે.581 કંપનીઓમાંથી 424 કંપનીઓને કંપનીઓને કેન્દ્રશાસિત પ્રદેશ (યુટી) મોકલવામાં આવી રહી છે, જ્યારે બાકીની કંપનીઓ - જેમાંથી લગભગ 80 કંપનીઓ 'ઓપરેશન સિંદૂર' હેઠળ ત્યાં પહેલાથી જ તૈનાત હતી - તે હવે યાત્રા રૂટ અને શ્રીનગર સહિત અન્ય મહત્વપૂર્ણ વિસ્તારોને સુરક્ષિત કરવા માટે ફરીથી તૈનાત કરવામાં આવશે.ગૃહ મંત્રાલયે તમામ દળોને જૂનના બીજા અઠવાડિયા સુધીમાં તેમની પોઝિશન લેવાનો આદેશ આપ્યો છે જેથી 3 જુલાઈથી 9 ઓગસ્ટ સુધી 38 દિવસની અમરનાથ યાત્રા દરમિયાન સુરક્ષા વ્યવસ્થા સંપૂર્ણ રીતે સુરક્ષિત રહે. આ વખતે સુરક્ષા યોજના 22 એપ્રિલના રોજ પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવી રહી છે. જેમાં 26 પ્રવાસીઓએ જીવ ગુમાવ્યા હતા.ગૃહમંત્રી અમિત શાહ જમ્મુની તેમની પ્રસ્તાવિત મુલાકાત દરમિયાન મુસાફરી સુરક્ષા તૈયારીઓની સમીક્ષા કરશે. તેમની પહેલા CRPFના ડિરેક્ટર જનરલ જ્ઞાનેન્દ્ર પ્રતાપ સિંહ અને BSFના ડિરેક્ટર જનરલ દલજીત સિંહ ચૌધરીએ પણ કાશ્મીરમાં સુરક્ષા તૈયારીઓનું નિરીક્ષણ કર્યું હતું.એક વરિષ્ઠ અધિકારીના જણાવ્યા અનુસાર આ કંપનીઓને પાંચ સેન્ટ્રલ આર્મ્ડ પોલીસ ફોર્સ (CAPF)માંથી પસંદ કરવામાં આવી છે. જેમાં સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (CRPF)ની 219 કંપની, બોર્ડર સિક્યોરિટી ફોર્સ (BSF)ની 143 કંપની, સશસ્ત્ર સીમા બલ (SSB)ની 97 કંપની, ઈન્ડો-તિબેટિયન બોર્ડર પોલીસ (ITBP)ની 62 કંપની અને સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રીયલ સિક્યોરિટી ફોર્સ (CISF)ની 60 કંપની સામેલ છે. દરેક કંપનીમાં 70 થી 75 સુરક્ષા કર્મચારીઓ હોય છે.ગૃહ મંત્રી અમિત શાહ અમરનાથ યાત્રાની સુરક્ષા વ્યવસ્થાની ચકાસણી માટે મોડી રાત્રે જમ્મુ પહોંચ્યા હતા. શાહ બે દિવસના રોકાણ દરમિયાન જમ્મુ અને કાશ્મીરની સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરશે અને પૂંચમાં પાક.ના તોપમારાથી પ્રભાવિત લોકોની મુલાકાત પણ કરશે. ઓપરેશન સિંદૂર બાદ તેઓ સૌપ્રથમ વખત પ્રદેશ મુલાકાતે આવ્યા છે. મોડીરાત્રે શાહે રાજ ભવનમાં ઉચ્ચ સ્તરીય સુરક્ષા સમીક્ષા બેઠક યોજી હતી.

## ભારતની સેનાનું પરાક્રમ જોઈને પાકિસ્તાનની આજીજી, યુદ્ધ રોકવાની કરી વિનંતી : વડાપ્રધાન મોદી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉત્તર પ્રદેશના કાનપુરમાં આજે શુક્રવારે ૪૭,૬૦૦ કરોડ રૂપિયાના ૧૭ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો છે. જેમાં રેલવે બ્રિજ, ફાયર સ્ટેશન અને ટ્રીટમેન્ટ પ્લાન્ટ જેવા પ્રોજેક્ટ્સ સમાવિષ્ટ છે. આ પ્રોજેક્ટ્સનો ઉદ્દેશ્ય ઉત્તર પ્રદેશમાં આધુનિક કનેક્ટિવિટી અને વર્લ્ડ ક્લાસ સ્ટ્રક્ચરને મજબૂત બનાવવાનો છે. કાનપુરમાં એક જાહેર સભાને સંબોધતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે આ વિકાસ કાર્યક્રમ ૨૪ એપ્રિલે યોજાવાનો હતો. પરંતુ પહલગામ હુમલાને કારણે તેને રદ કરવો પડ્યો. આખી દુનિયાએ હુમલાના બદલાને ઓપરેશન સિંદૂરના રૂપમાં જોયો છે. આપણે પાકિસ્તાનમાં આતંકવાદીઓના ઠેકાણા નષ્ટ કરી દીધા. આપણી સેનાએ એવી બહાદુરી બતાવી કે પાકિસ્તાની સેના યુદ્ધ બંધ કરવા આજીજી કરવા લાગી. વડાપ્રધાન મોદીએ કડક શબ્દોમાં પાકિસ્તાનને ચેતવણી આપી છે કે, ઓપરેશન સિંદૂર હજુ પૂરું થયું નથી. ભારતે આતંકવાદ સામેની લડાઈમાં ત્રણ સિદ્ધાંતો નક્કી કર્યા છે. દરેક આતંકવાદી હુમલાનો યોગ્ય જવાબ આપશે. સમય, પ્રતિક્રિયા આપવાની રીત અને પ્રતિક્રિયાની પરિસ્થિતિઓ આપણા સૈન્ય દળો દ્વારા નક્કી કરવામાં આવશે. એટમ બોમ્બના ભયથી ડરશો નહીં. ભારત આતંકના માસ્ટર અને આતંકને સમર્થન આપતી સરકારને એક જ નજરે જોશે. મોદીએ આગળ કહ્યું કે, સંરક્ષણ ક્ષેત્રમાં સ્વનિર્ભરતામાં યુપી મોટી ભૂમિકા ભજવી રહ્યું છે. જેમ કાનપુરમાં એક જૂની ઓર્ડિનન્સ ફેક્ટરી છે. અમે આવી સાત ઓર્ડિનન્સ ફેક્ટરીઓને મોટી આધુનિક કંપનીઓમાં રૂપાંતરિત કરી છે. આજે, દેશનો મોટો સંરક્ષણ કોરિડોર યુપીમાં બની રહ્યો છે. આ કોરિડોરનો કાનપુર નોડ સંરક્ષણ ક્ષેત્રમાં આત્મનિર્ભર ભારતનું એક મોટું કેન્દ્ર છે. સંરક્ષણ ક્ષેત્રની મોટી કંપનીઓ અમેઠીમાં પરંપરાગત ઉદ્યોગોનું સ્થાન લઈ રહી છે. AK ૨૦૩ રાઈફલનું ઉત્પાદન શરૂ થયું છે. યુપી ધીમે ધીમે શસ્ત્રોનું ગઢ બન્યું છે. સ્વદેશી બ્રહ્મોસે દુશ્મનોની ઊંઘ ઉડાડી દીધી હતી. આ બ્રહ્મોસ મિસાઈલનું નવુ સરનામું ઉત્તર પ્રદેશ બન્યું છે. ભવિષ્યમાં કાનપુર અને ઉત્તર પ્રદેશ ભારતની ડિફેન્સ નિકાસમાં મોટો ફાળો આપશે. અહીં નવી ફેક્ટરીઓ સ્થાપિત કરાશે. મોટાપાયે રોકાણ થશે. હજારો યુવાનો માટે રોજગારની તકો વધશે. વડાપ્રધાને કહ્યું કે, કાનપુરમાંથી ઉદ્યોગો સ્થળાંતર કરી રહ્યા હતાં, પરિવારલક્ષી સરકારો આંખો બંધ કરીને બેસી રહી હતી. પરિણામે માત્ર કાનપુર જ નહીં પરંતુ આખું ઉત્તરપ્રદેશ પછાત રહી ગયુ હતું. રાજ્યની ઔદ્યોગિક પ્રગતિ માટે બે સૌથી મહત્વપૂર્ણ શરતો છે. પ્રથમ, એનર્જી સેક્ટરમાં આત્મનિર્ભરતા એટલે કે વીજ પુરવઠો અને બીજું, માળખાગત સુવિધા. ૬૬૦ મેગાવોટ પનકી પાવર પ્લાન્ટ, ૬૬૦ મેગાવોટ નેવેલી પાવર પ્લાન્ટ, ૧૩૨૦ મેગાવોટ જવાહરપુર પાવર પ્લાન્ટ, ૬૬૦ મેગાવોટ ઓબારાસી પાવર પ્લાન્ટ અને ૬૬૦ મેગાવોટ ખુર્જા પાવર પ્લાન્ટનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે. જે ઉર્જાની જરૂરિયાતોને પૂર્ણ કરવા તરફ આ એક મોટું પગલું છે. આ પાવર પ્લાન્ટ બાદ ઉત્તરપ્રદેશમાં વીજળીની ઉપલબ્ધતામાં વધારો થશે. અહીંના ઉદ્યોગોને પ્રોત્સાહન મળશે.

### ચૂંટણી પંચે ચૂંટણી વ્યવસ્થાપન માટે ૧૦૦ દિવસમાં ૨૧ પહેલ કરી

## કોઈપણ મતદારે મતદાન કરવા માટે ૨ કિમીથી વધુ દૂર નહીં જવું પડે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

મતદારોના અનુભવને વધારવા અને મતદાન વ્યવસ્થાપનને સુવ્યવસ્થિત કરવા માટે ચૂંટણી પંચે છેલ્લા ૧૦૦ દિવસોમાં ૨૧ નવી પહેલ શરૂ કરી છે. આ પગલાં ચૂંટણી સંબંધિત પ્રક્રિયામાં સુધારા, તાલીમ કાર્યક્રમો અને રાજકીય હિસ્સેદારોની સામેલગારી સંબંધિત છે. આ પગલાં ૨૬મા મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના પ્રથમ ૧૦૦ દિવસના કાર્યકાળમાં લેવામાં આવ્યા છે. મતદારોની સરળતામાં વધારો કરવા માટે ચૂંટણી સત્તાવાળાઓએ મતદાન મથક દીઠ મતદારોની મહત્તમ સંખ્યા ૧,૫૦૦થી ઘટાડી ૧,૨૦૦ કરી છે. હાઈરાઈઝ બિલ્ડિંગ અને હાઉસિંગ કોલોની જેવા ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં વધારાના મતદાન મથકો સ્થાપિત કરાશે. ચૂંટણીપંચનો ઉદ્દેશ્ય એ સુનિશ્ચિત કરવાનો છે કે કોઈપણ મતદાતાને મતદાન કરવા માટે ૨ કિમીથી વધુ મુસાફરી કરવાની જરૂર ન પડે.મતદાન મથક નંબરની સ્પષ્ટતા માટે વોટર ઈન્ફર્મેશન સ્લીપને ફરીથી ડિઝાઈન કરાઈ છે. મતદારોની સુવિધામાં નોંધપાત્ર વધારો કરવા માટે દરેક મતદાન મથકના પ્રવેશદ્વાર પર મોબાઈલ ફોન જમા કરવાની સુવિધા સ્થાપિત કરાશે.પહેલા ઉમેદવારો મતદાન મથકના પ્રવેશદ્વારથી ૨૦૦ મીટર દૂર તેમના બૂથ ઊભા કરી શકતા હતાં. હવે તેઓને ૧૦૦ મીટર દૂર બુથ ઊભા કરવાની મંજૂરી અપાશે. ચૂંટણીપચે ભારતના રજિસ્ટ્રાર જનરલ પાસેથી મૃત્યુ નોંધણી ડેટાનો ઉપયોગ પણ ચાલુ કર્યો છે. તેનાથી મૃતક મતદારોને યાદીમાંથી સમયસર ધોરણે ચકાસણી કરીને દૂર કરી શકાય. રાજકીય હિસ્સેદારો સાથે નિયમિત વાતચીતને સંસ્થાકીય બનાવવાના પગલાના ભાગરૂપે ચૂંટણી પંચે રાજકીય પક્ષોના ૨૮,૦૦૦થી વધુ પ્રતિનિધિઓની ભાગીદારી સાથે ૪,૭૧૯ બેઠકોનું આયોજન કર્યું છે.

### ફ્રાન્સે પણ હવે આકરું વલણ અપનાવ્યું

## ફ્રાંસમાં ૧ જુલાઈથી જાહેરમાં ધુમ્રપાન પર સંપૂર્ણ પણે પ્રતિબંધ લગાવવાનો નિર્ણય

(સંપૂર્ણ સમાચાર સેવા)પેરીસ

સિગારેટ જેવી વસ્તુઓનું સેવન ધુમ્રપાન કરનારાઓ માટે તો નુકસાનકારક છે જ પરંતુ સાથે સાથે ત્યાં આસપાસ રહેનારા લોકોનું સ્વાસ્થ્ય પણ જોખમાય છે. સિગારેટનો ધુમાડો ફેફસા, હૃદય અને શ્વાસ સંલગ્ન બીમારીઓનું મોટું કારણ બને છે. ખાસ કરીને બાળકો અને વૃદ્ધો માટે. આ કારણસર દુનિયાભરમાં સરકારો જાહેર સ્થળો પર ધ્રુમપાન અટકાવવા પર પગલાં ભરી રહી છે. આ જ કડીમાં ફ્રાન્સે પણ હવે આકરું વલણ અપનાવ્યું છે અને ૧ જુલાઈથી જાહેરમાં ધુમ્રપાન પર સંપૂર્ણ પણે પ્રતિબંધ લગાવવાનો કડક નિર્ણય લીધો છે. અસલાં ફ્રાન્સ સરકારે જાહેરાત કરતા કહ્યું છે કે ૧ જુલાઈથી દેશમાં તમામ જાહેર સ્થળો પર ધુમ્રપાનને સંપૂર્ણ રીતે પ્રતિબંધિત કરવામાં આવશે. સ્વાસ્થ્ય અને પરિવાર મંત્રી કેથરીન વોત્રિને જણાવ્યું કે આ પ્રતિબંધ ખાસ કરીને એવી જગ્યા પર લાગૂ થશે જ્યાં બાળકો આવે છે જેમ કે દરિયા કિનારે, પાર્ક-બસ સ્ટોપ, શાળાઓની બહાર, અને રમતના મેદાન. તેમણે સ્પષ્ટ કહ્યું કે જ્યાં બાળકો હોય ત્યાં તમાકૂને ખતમ કરવું પડશે.

ઈન્ટરનેશન મીડિયા રિપોર્ટ્સ મુજબ સરકારે કહ્યું કે આ પગલું બાળકોને સ્વચ્છ હવા આપવાના અધિકારની રક્ષા માટે ઉઠાવવામાં આવ્યું છે. ધુમ્રપાનની આઝાદી ત્યાં ખતમ થઈ જાય છે જ્યાં કોઈ બાળકની શ્વાસ લેવાની આઝાદી શરૂ થાય છે. નવા નિયમ હેઠળ જો કોઈ વ્યક્તિ જાહેર જગ્યાએ ધુમ્રપાન કરતા પકડાય તો તેના પર ૩૫ યુરો એટલે કે લગભગ ૧૫૪ ડોલર સુધીનો દંડ ઠોકવામાં આવશે.

જો કે સરકારે કેટલીક છૂટ પણ આપી છે. કેફે કી ટેરિસને આ નિયમમાંથી બહાર રાખવામાં આવ્યું છે. આ ઉપરાંત ઈ સિગારેટ પર આ પ્રતિબંધ લાગૂ થશે નહીં. એટલે કે લોકો આ જગ્યાઓ પર વપિંગ કરી શકશે. એક રિપોર્ટ મુજબ ફ્રાન્સમાં દર વર્ષે લગભગ ૭૫,૦૦૦ મોત તમાકૂ સંલગ્ન બીમારીઓના કારણે થાય છે. જેના કારણે જનમત પમ આ નિર્ણયના પક્ષમાં નજરે ચડે છે.

## સરકારી એન્જિનિયરના ઘરમાંથી મળ્યા રૂપિયા બે કરોડ રોકડા

(સંપૂર્ણ સમાચાર સેવા)ભુવનેશ્વર

ઓડિશાની રાજધાની ભુવનેશ્વરમાં વિજિલન્સ વિભાગે રાજ્ય સરકારના મુખ્ય ઈજનેર બૈકુંઠનાથ સારંગીના સાત સ્થળોએ એક સાથે રેડ પાડતા હોબાળો મચી ગયો હતો. રેડ દરમિયાન સૌથી સારંગીએ ડરના માર્યા પોતાના ફ્લેટની બારીમાંથી ૨.૧ કરોડની રોકડના બંડલ ફેંકી દીધા હતા. સ્થાનિક લોકોએ રોકડ જમીન પર પડેલી જોઈ ત્યારબાદ બેગમાં ભરીએ જપ્ત કરવામાં આવી.

ભુવનેશ્વર, કટક, પુરી અને બાલાસોર સહિત સાત સ્થળોએ એક સાથે રેડ પાડવામાં આવી હતી. વિજિલન્સ વિભાગની સાત ટીમ અને ૫૦ થી વધુ અધિકારીઓએ આ કાર્યવાહી હાથ ધરી હતી. ૨૬ પોલીસકર્મીઓની એક ખાસ ટીમ પણ સર્ચમાં સામેલ હતી, જેમાં ૮ ડીએસપી, ૧૨ ઈન્સ્પેક્ટર અને ૬ એએસઆઈનો સમાવેશ થતો હતો.

તપાસ દરમિયાન ૨.૧ કરોડ રોકડ, મોંઘા ઈલેક્ટ્રોનિક સામાન અને ફર્નિચર, કિંમતી ઘરેણાં, જમીન અને ફ્લેટ સંબંધિત દસ્તાવેજો, અનેક બેંક ખાતાઓ અને લોકર્સની માહિતી સામે આવી હતી. વિજિલન્સ વિભાગ હવે આ રોકડની કાયદેસરતાની તપાસ કરી રહ્યું છે અને બૈકુંઠનાથ સારંગી સામે અપ્રમાણસર સંપત્તિ રાખવા, ભ્રષ્ટાચાર અને સરકારી સંસાધનોના દુરુપયોગ સંબંધિત કલમો હેઠળ તપાસ શરૂ કરવામાં આવી છે.

## ઉત્તર પ્રદેશની યુનિવર્સિટીનું ૯ રાજ્યોમાં નકલી ડિગ્રીનું વેચાણ

(સંપૂર્ણ સમાચાર સેવા)હાપુર

ઉત્તર પ્રદેશના હાપુરમાં આવેલી મોનાડ યુનિવર્સિટીમાં વર્ષ ૨૦૧૮ થી બનાવટી ડિગ્રી બનાવવા-વેચવાનો ધંધો ચાલતો હોવાની માહિતી તપાસ ટુકડીને મળી છે. જેથી રાજ્ય પોલીસની સ્પેશિયલ ટાસ્ક ફોર્સ (STF) એ યુનિવર્સિટીના ચેરમેન અને પ્રો-વાઈસ ચાન્સેલરની વિવિધ યુનિવર્સિટી અભ્યાસક્રમોની ડિગ્રી અને માર્કશીટ બનાવટી બનાવવા અને વિદ્યાર્થીઓ પાસેથી પૈસા ઉઘરાવવાના આરોપસર ધરપકડ કર્યા બાદ હાપુડ જિલ્લા વહીવટીતંત્રે યુપી સરકારને મોનાડ યુનિવર્સિટીની માન્યતા રદ કરવા જણાવ્યું છે. આ માટે પોલીસની સાથે જ એસટીએફની બે ટીમોને પણ જોડવામાં આવી છે.

આ બાજુ, એસટીએફની કાર્યવાહીની માહિતી મળતા જ મોનાડના પૂર્વ-માલિક તથા જવાબદાર પદો પર રહેલા કર્મચારીઓ ભૂગર્ભમાં ઊતરી ગયા છે. એમને કાર્યવાહીની જાળમાં ફસાવાનો ડર સતાવી રહ્યો છે. મોનાડ યુનિવર્સિટીના નકલીકાંડનો મામલો હવે વધતો જ જઈ રહ્યો છે. અહીં એક બાજુ જ્યાં એક લાખથી વધુ નકલી ડિગ્રી-માર્કશીટ છાપવાનો મામલો પ્રત્યક્ષ થઈ ચૂક્યો છે, ત્યાં નવ રાજ્યોમાં ડિગ્રી વેચાઈ રહી હોવાની માહિતી પોલીસ-એસટીએફને મળી ચૂકી છે. આ મામલે યુનિવર્સિટીના માલિક પિતા-પુત્ર સહિત ૧૧ જણને જેલમાં મોકલી દેવાયા છે. એસટીએફની તપાસમાં જણાયું કે આ નકલી ડિગ્રી બનાવવાનો ખેલ ૨૦૧૮થી ચાલી રહ્યો હતો. મોનાડ યુનિવર્સિટીના વર્તમાન માલિક વિજેન્દ્ર હુડ્ડાએ એને ૨૦૨૨ માં ખરીદી છે. એસટીએફ અને પોલીસ તપાસમાં જણાયા અનુસાર આ નકલીકાંડમાં મોનાડના પૂર્વ-માલિક તથા કર્મચારી પણ સંડોવાયેલા રહ્યા હતા. એમાંના ડઝનબંધી લોકો હાપુરમાં જ વસે છે. એસટીએફે આ લોકોની કુંડળી તપાસનો આરંભ કરી દીધો છે.



# તંત્રી લેખ......

## ટ્રમ્પની વક્રદષ્ટિ

પોતાના ભેજાંગેપ નિર્ણયો અને ટેરિફ વોરથી તમામ અર્થવ્યવસ્થાઓને હચમચાવી દેનારા અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પની વક્રદષ્ટિ હવે અમેરિકાની પ્રખ્યાત યુનિવર્સિટીઓ પર પણ પડી છે. દુનિયાનું સૌથી જૂનું લોકતંત્ર હોવાનો દંભ રાખતા અમેરિકામાં યુનિવર્સિટી પરિસરોમાં લોકતાંત્રિક અભિવ્યક્તિનું ગળું ઘોંટવામાં આવી રહ્યું છે. હવે અમેરિકામાં ઉચ્ચ શિક્ષણનું સપનું જોનારા ભારત અને દુનિયાના તમામ દેશોના છાત્રો માટે ટ્રમ્પ પ્રશાસને મુશ્કેલીઓ ઊભી કરી દીધી છે. હાલના દિવસોમાં પ્રતિષ્ઠિત હાર્વર્ડ યુનિવર્સિટી પર મનમાફક નિર્ણયો થોપવા અને કેટલાય પ્રતિબંધો લગાવવામાં આવ્યા, જે યુનિવર્સિટીઓના પરિસરોમાં અભિવ્યક્તિની આઝાદી પર લગામ કસવાની જ કવાયત હતી. દલીલ કરવામાં આવી કે પેલેસ્ટાઈનનું સમર્થન કરનારા છાત્ર-છાત્રાઓની સૂચના ટ્રમ્પ પ્રશાસનને આપવામાં આવે. આ જ પ્રતિબંધો બાદ હવે ટ્રમ્પ સરકારે દુનિયાભરના પોતાના દૂતાવાસોને સ્ટુડન્ટ વિઝા પ્રક્રિયા બંધ કરવાના આદેશ કર્યા છે. ટ્રમ્પ સરકારની દલીલ છે કે પહેલાં આવેદક છાત્રોના સોશ્યલ મીડિયા એકાઉન્ટની ઊંડી તપ ાસ કરવામાં આવશે. આ યોજના પર કામ ચાલી રહ્યું છે. અસલમાં અમેરિકી સરકાર દ્વારા સ્ટુડન્ટ વિઝા માટે આવેદન કરારા છાત્રોની સોશ્યલ મીડિયા ગતિવિધિઓની ગહન તપાસ કરવામાં આવશે. આ નિર્ણયથી ભારત સહિત કેટલાય દેશોના વિદ્યાર્થીઓને અમેરિકી યુનિવર્સિટીઓમાં ભણવાના સપનાં તૂટી શકે છે.

અમેરિકી સરકાર તેના માધ્યમથી એ વિદ્યાર્થીઓની અરજીઓ નકારવાની તૈયારીમાં છે જેમના સોશ્યલ મીડિયા એકાઉન્ટમાં ટ્રમ્પ કે અમેરિકી નીતિઓની ટીકા કરતી સામગ્રી હશે. દેખીતું છે કે એવા છાત્રોને અમેરિકાની યુનિવર્સિટીઓમાં એડમિશન નહીં આપવામાં આવે. એક અનુમાન અનુસાર ૨૦૨૩-૨૪માં લગભગ ત્રણ લાખથી વધારે ભારતીય છાત્ર અધ્યયનરત હતા. પોતાનાં સપનાં પૂરાં કરવા માટે હજારો ભારતીય પ્રતિભાઓ દર વર્ષે અમેરિકા જાય છે. અમેરિકાના આ નિર્ણયથી એ છાત્રોને મુશ્કેલી થશે જેઓ આ વર્ષે ઓગસ્ટથી શરૂ થનારા સત્રનો હિસ્સો બનવા માગતા હતા. ઉલ્લેખનીય છે કે ટ્રમ્પ પ્રશાસને અમેરિકી યુનિવર્સટીઓમાં પહેલેથી ભણી રહેલા સેંકડો છાત્રોના વિઝા એ આરોપ બાદ રદ કરી દેવાયા જેમણે ઈઝરાયલ વિરોધી આંદોલનમાં ભાગ લીધો હતો. તેમાં એ છાત્ર પણ સામેલ હતા, જેમણે પોતાના સોશ્યલ મીડિયા એકાઉન્ટ પર પેલેસ્ટાઈનના પક્ષમાં પોસ્ટ મૂકી હતી. સરકારની દલીલ હતી કે આ છાત્રોને શિક્ષણ માટે વિઝા આપ્યા હતા, નહીં કે રાજકીય મુદ્દાઓમાં સક્રિયતા માટે. કેટલાય ભારતીય વિદ્યાર્થીઓ પણ આ નિર્ણયની ઝપટમાં આવ્યા છે. વિઝા પર સખ્તાઈ ઉપરાંત પહેલેથી અમેરિકામાં ભણતા છાત્રો માટે નિયમ સખત કરવામાં આવી રહ્યા છે. ત્યાં સુધી ચેતવણી આપવામાં આવી છે કે નિયમિત હાજરી નહીં આપનારા ડ્રોપ આઉટનો વિકલ્પ પસંદ કરનારા છાત્રોના વિઝા પણ રદ કરી શકાય છે. તેમણે પોતાના સોશ્યલ મીડિયા એકાઉન્ટમાં અમેરિકી નીતિઓની ટીકા કરવાથી બચવાની સલાહ આપવામાં આવી છે. દલીલ કરાઈ રહી છે કે રાષ્ટ્રીય સુરક્ષાને ખતરામાં મૂકનારી પોસ્ટ સોશ્યલ મીડિયા પર મૂકવા પર સખત કાર્યવાહી કરવામાં આવશે. જોકે ટ્રમ્પના આવા નિર્ણયોનો વિરોધ ખુદ અમેરિકામાં પણ થઈ રહ્યો છે.

# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ સોનાના વાયદામાં રૂ.૩૩૯ અને ચાંદીના વાયદામાં રૂ.૨૭૦ની નરમાઈઃ ક્રૂડ તેલના વાયદામાં રૂ.૬૮નો સુધારો

### કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૫૪૮૯.૨ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૩૮૯૯૩.૩ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૧૨૩૫૨.૦૨ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૨૧૮૭૧ પોઈન્ટના સ્તરે

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૫૪૪૮૨.૬૩ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૫૪૮૯.૨ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૩૮૯૯૩.૩ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ જૂન વાયદો ૨૧૮૭૧ પોઈન્ટના સ્તરે હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૯૦૧.૯૮ કરોડનું થયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૧૨૩૫૨.૦૨ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૯૪૯૫૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૯૫૨૨૦ અને નીચામાં રૂ.૯૪૭૦૦ના મથાળે અથડાઈ, રૂ.૯૫૩૮૯ના આગલા બંધ સામે રૂ.૩૩૯ ઘટી રૂ.૯૫૦૫૦ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-ગિની જૂન વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૧૭૮ ઘટી રૂ.૭૬૮૬૨ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-પેટલ જૂન વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૩૧ ઘટી રૂ.૯૬૩૭ના ભાવે બોલાયો હતો. સોનું-મિની જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૩૧૬ ઘટી રૂ.૯૪૯૭૯ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-ટેન જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૯૫૮૧૨ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૯૫૮૮૯ અને નીચામાં રૂ.૯૫૪૮૦ના સ્તરને સ્પર્શી, રૂ.૯૬૧૨૯ના આગલા બંધ સામે રૂ.૩૬૦ ઘટી રૂ.૯૫૭૬૯ના ભાવે બોલાયો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ વાયદો કિલોદીઠ રૂ.૯૭૨૫૨ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૯૭૮૫૯ અને નીચામાં રૂ.૯૬૮૦૦ના મથાળે અથડાઈ, રૂ.૯૭૮૨૬ના આગલા બંધ સામે રૂ.૨૭૦ ઘટી રૂ.૯૭૫૫૬ થયો હતો. કિલોદીઠ ચાંદી-મિની જૂન વાયદો રૂ.૨૩૦ ઘટી રૂ.૯૭૪૮૫ થયો હતો. ચાંદી-માઈક્રો જૂન વાયદો રૂ.૨૩૪ ઘટી રૂ.૯૭૪૭૦ના સ્તરે પહોંચ્યો હતો. બિનલોહ ધાતુઓમાં રૂ. ૭૬૭.૬૫ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું જૂન વાયદો ૯૫ પૈસા વધી રૂ.૮૬૩.૨ના સ્તરે પહોંચ્યો હતો. જસત જૂન વાયદો ૭૦ પૈસા ઘટી રૂ.૨૫૩.૬ થયો હતો. એલ્યુમિનિયમ જૂન વાયદો ૧૫ પૈસા વધી રૂ.૨૩૬.૬ના સ્તરે પહોંચ્યો હતો. સીસું જૂન વાયદો ૨૦ પૈસા ઘટી રૂ.૧૭૮ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. ૧૮૪૩.૨૫ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ક્રૂડ તેલ જૂન વાયદો બેરલદીઠ રૂ.૫૧૯૨ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૨૮૭ અને નીચામાં રૂ.૫૧૮૩ના મથાળે અથડાઈ, રૂ.૫૨૧૫ના આગલા બંધ સામે રૂ.૬૮ વધી રૂ.૫૨૮૩ થયો હતો. ક્રૂડ તેલ-મિની જૂન વાયદો રૂ.૬૩ વધી રૂ.૫૨૮૨ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. નેચરલ ગેસ જૂન વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૧.૬ વધી રૂ.૩૦૧ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની જૂન વાયદો રૂ.૧.૭ વધી રૂ.૩૦૧ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ જૂન વાયદો કિલોદીઠ રૂ.૯૧૪ના ભાવે ખૂલી, રૂ.૧.૩ ઘટી રૂ.૯૧૧.૯ થયો હતો. કામકાજની દષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૮૯૬૮.૯૯ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૩૩૮૩.૦૩ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૪૭૮.૫૦ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૮૨.૦૯ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૧૮.૦૭ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૧૮૮.૯૮ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૭૮૧.૨૪ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૦૬૨.૦૧ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ. ૧.૧૫ કરોડનાં કામ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૫૪૭૫ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૩૪૦૧૯ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૧૦૭૧૯ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૧૫૧૧૯૮ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૧૪૨૧૫ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૨૦૪૩૫ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૩૪૯૩૬ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૩૦૩૮૨ લોટના સ્તરે રહ્યો હતો. ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૭૨૨૮ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૧૪૮૧૦ લોટના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ જૂન વાયદો ૨૧૮૭૦ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૨૧૮૭૧ પોઈન્ટના સ્તર અને નીચામાં ૨૧૮૭૦ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૮૮ પોઈન્ટ ઘટી ૨૧૮૭૧ પોઈન્ટના સ્તરે હતો. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ જૂન રૂ.૫૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૩૧.૯ વધી રૂ.૧૬૩.૮ થયો હતો. જ્યારે નેચરલ ગેસ જૂન રૂ.૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૦૫ વધી રૂ.૨૦.૧૫ થયો હતો.

સોનું જૂન રૂ.૯૬૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૩૩૫ ઘટી રૂ.૧૮૨૭ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી જૂન રૂ.૯૭૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૫૮.૫ ઘટી રૂ.૨૬૫૨ થયો હતો. તાંબું જૂન રૂ.૮૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૧૮ પૈસા ઘટી રૂ.૧૬.૪૭ થયો હતો. જસત જૂન રૂ.૨૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૧૧ પૈસા વધી રૂ.૬.૮ થયો હતો.

મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની જૂન રૂ.૫૪૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૨૨.૬ વધી રૂ.૧૨૦.૯૫ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની જૂન રૂ.૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૦૫ વધી રૂ.૨૦.૨ના ભાવે બોલાયો હતો. સોનું-મિની જૂન રૂ.૯૬૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૬૮.૫ ઘટી રૂ.૧૫૦૦ થયો હતો. ચાંદી-મિની જૂન રૂ.૯૮૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૧૬.૫ ઘટી રૂ.૧૮૪૫ના ભાવે બોલાયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ જૂન રૂ.૫૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૩૧.૪ ઘટી રૂ.૧૩૨.૩ થયો હતો. જ્યારે નેચરલ ગેસ જૂન રૂ.૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૯૫ પૈસા ઘટી રૂ.૧૮.૯ના ભાવે બોલાયો હતો.

સોનું જૂન રૂ.૯૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૯ વધી રૂ.૧૪૪૫ થયો હતો. આ સામે ચાંદી જૂન રૂ.૯૭૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૯૧.૫ વધી રૂ.૨૦૮૩.૫ના ભાવે બોલાયો હતો. તાંબું જૂન રૂ.૮૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૨૭ પૈસા ઘટી રૂ.૧૩.૬ના ભાવે બોલાયો હતો. જસત જૂન રૂ.૨૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૬૩ પૈસા વધી રૂ.૩.૦૮ના ભાવે બોલાયો હતો. મિની પુટ ઓપ્શન્સમાં નેચરલ ગેસ-મિની જૂન રૂ.૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૯૫ પૈસા ઘટી રૂ.૧૮.૯ થયો હતો. સોનું-મિની જૂન રૂ.૯૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૬૮ વધી રૂ.૧૪૯૦.૫ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની જૂન રૂ.૯૭૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૮૬.૫ વધી રૂ.૧૮૦૩.૫ થયો હતો.

### "વિશ્વ તમાકુ નિષેધ દિવસ ૨૦૨૫ઃ ગુજરાતને બનાવીએ તમાકુ મુક્ત"

# ગુજરાતમાં તમાકુ નિયંત્રણના ભંગ બદલ છેલ્લા બે વર્ષમાં ૬૪,૫૭૫ ફરીયાદ નોંધી રૂ. ૯૯.૮૬ લાખનો દંડ વસુલાયો

### બે વર્ષમાં રાજ્યના તમામ જિલ્લાઓની ૧૪,૧૭૯ શાળાઓના ૧૫ લાખથી વધુ બાળકોને તમાકુના વ્યસનથી થતા નુકસાન અંગે જાગૃત કરાયા

તમાકુનું સેવન કરવાથી આપણા સૌના જીવનમાં કેટલી ખરાબ અસર થાય છે તે આપણે સૌ જાણીએ જ છીએ. તમને જાણીને નવાઈ લાગશે પણ તમાકુનું વ્યસન એ સદીની સૌથી મોટી મહામારી કોરોના કરતા પણ વધુ ખતરનાક છે. ભારતમાં રોજના હજારો લોકો તમાકુના વ્યસનથી થતી કેન્સર સહિતની બીમારીઓના કારણે મોતને ભેટે છે. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચના ડેટા મુજબ, ભારતમાં ૩૦ ટકા કેન્સર માત્ર તમાકુના સેવનથી થાય છે.

ગુજરાતમાં તમાકુ નિયંત્રણ અધિનિયમ-૨૦૦૩ અન્વયે તમાકુ નિયંત્રણના ભંગ બદલ વિવિધ વિભાગો દ્વારા કરવામાં આવેલ કેસો અને વસુલાત કરેલ દંડની વાત કરીયે તો છેલ્લા બે વર્ષમાં COTPA-2003 અધિનિયમ હેઠળ તમાકુ નિયંત્રણ ભંગ બદલ ૬૪,૫૭૫ ફરીયાદ નોંધી રૂ. ૯૯,૮૬,૨૯૫નો દંડ વસુલાયો છે તેમ આરોગ્ય વિભાગની યાદીમાં જણાવાયું છે.

બાળક યુવાન થઈને કોઈપણ પ્રકારનું વ્યસનનું સેવન ન કરે તે માટે રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ તેમજ વિવિધ સંસ્થાઓ દ્વારા અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. જે હેઠળ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન અને આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલના નેતૃત્વ હેઠળ છેલ્લા બે વર્ષમાં રાજ્યના તમામ જિલ્લાઓની ૧૪,૧૭૯ શાળાઓના ૧૫,૨૩,૦૧૮ બાળકોને તમાકુ કે તેના જેવા અન્ય વ્યસનથી દુર રહી બીજા મિત્રોને પણ તે પ્રકારનું વ્યસન કરતાં અટકાવા માટે જાગૃત કરવામાં આવ્યા છે.

તમાકુ નિયંત્રણ અધિનિયમ હેઠળ ભારત સરકાર દ્વારા સીગરેટ અને અન્ય તમાકુની બનાવટોની જાહેરાત, વેપાર અને વાણિજ્ય, ઉત્પાદન, સપ્લાય અને વહેંચણી ઉપર પ્રતિબંધ-૨૦૦૩ (COPTA 2003) કાયદો દ્વારા લાગુ કરાયો છે.

તમાકુની આ મહામારીને નિયંત્રિત કરવા અને ભાવી આવનારી પેઢીને આરોગ્ય, સામાજિક અને આર્થિક સંબંધિત સંકટથી બચાવવા ગુજરાત સરકાર દ્વારા રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમ (NTCP) ચલાવવામાં આવે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૧૧માં રાજ્ય તમાકુ નિયંત્રણ સેલ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત સરકારને સમગ્ર દક્ષિણ પૂર્વ એશિયા ક્ષેત્રમાં તમાકુ નિયંત્રણ પ્રવૃત્તિઓના શ્રેષ્ઠ અમલીકરણ માટે વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા પુરસ્કાર આપવામાં આવ્યો છે.

વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) દ્વારા વર્ષ ૨૦૨૫ની થીમ તરીકે "અપીલને ઉજાગર કરવીઃ તમાકુ અને નિકોટિન ઉત્પાદનો પર ઉદ્યોગની યુક્તિઓનો પર્દાફાશ કરવો" રાખવામાં આવી છે.

આ થીમનો ઉદ્દેશ્ય તમાકુ અને નિકોટિન ઉદ્યોગો દ્વારા તેમના હાનિકારક ઉત્પાદનોને આકર્ષક બનાવવાના વિવિધ ઉપાયો અને વ્યૂહોને જાહેર કરવો છે. તેમના ઉત્પાદનોને આકર્ષક બનાવવા માટે, આ ઉદ્યોગો વિવિધ વ્યૂહો અપનાવે છે, જેમ કેઃ ફ્લેવરિંગ્સ અને આકર્ષક પેકેજિંગનો ઉપયોગ કરીને યુવાનોને લલચાવવું, ઈલેક્ટ્રોનિક સિગારેટ અને હીટેડ તમાકુ ઉત્પાદનોને "સલામત વિકલ્પો" તરીકે રજૂ કરવું, ડિજિટલ પ્લેટફોર્મ્સ પર પ્રચાર અને પ્રોત્સાહન દ્વારા યુવાનોને નિશાન બનાવે છે.

૩૧મી મેના દિવસને 'વિશ્વ તમાકુ નિષેધ દિવસ' તરીકે ઊજવવામાં આવે છે. આ દિવસની ઉજવણીની શરૂઆત વિશ્વ આરોગ્ય સંગઠન WHO દ્વારા ૧૯૮૭માં કરવામાં આવી હતી, જેનો મુખ્ય ઉદ્દેશ તમાકુના ઉપયોગથી થતા સ્વાસ્થ્ય જોખમો જેવા કે કેન્સર, હૃદયરોગ અને શ્વસન સમસ્યાઓ વિશે લોકોને જાગૃત કરવાનો છે.

- ઋચા રાવલ

# સુરતની અઠવા પોલીસે લુંટેરી દુલ્હનની ટોળકી પકડી પાડી

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સુરતની અઠવા પોલીસે લુંટેરી દુલ્હનની ટોળકી પકડી પાડી છે. લુંટેરી દુલ્હને અમદાવાદના યુવાન સાથે લગ્ન કર્યા હતા. લુટેરી દુલ્હનની માતાએ તેના પિતા ન હોવાનું કહીને એક લાખ રૂપિયા માંગ્યા હતા અને તે યુવાને આપી પણ દીધા હતા. પણ લગ્નના બીજા જ દિવસે લુંટેરી દુલ્હન બહાનું કાઢીને માતા સાથે ભાગી ગઈ હતી.

તેના પછી તેણે પતિ સાથે રહેવાનો પણ ઈન્કાર કર્યો હતો અને એક લાખ રૂપિયા આપવાની પણ ના પાડી દીધી હતી. ફરિયાદના આધારે પોલીસે મહિલા ટોળકીની ધરપકડ કરી છે. આમ હવે લગ્નોત્સુક યુવાનો સાથે છેતરપિડીના કિસ્સાનું પ્રમાણ સતત વધવા લાગ્યું છે. પહેલા લુંટેરી દુલ્હનના કિસ્સા પણ ભાગ્યે જ જોવા મળતા હતા, હવે આ પ્રકારના કિસ્સાનું પ્રમાણ પણ વધવા લાગ્યું છે.

આ પહેલાં પણ બનેલી આવી જ ઘટનામાં સુરતમાં લુંટેરી દુલ્હન યુવાનને લૂંટીને ભાગી છૂટી હતી. ૩૯ વર્ષીય છૂટાછેડા લીધેલી મહિલા સુરતના યોગી ચોક વિસ્તારમાં રહે છે. છૂટાછેડા લીધેલ વ્યક્તિ તેના ૧૫ વર્ષના પુત્ર અને પરિવારના અન્ય સભ્યો સાથે રહેતો હતો. આ સમય દરમિયાન, તેમનો દીકરો નાનો હોવાથી, તેમણે ફરીથી લગ્ન કરવાની ઈચ્છા વ્યક્ત કરી. તેથી તેણે પરિવારના સભ્યો સાથે વાત કરી. આ દરમિયાન, છૂટાછેડા લીધેલા પુરુષના નાના ભાઈની પત્નીએ તેને વોટ્સએપ પર એક છોકરીનો ફોટો મોકલ્યો અને પૂછ્યું, "જો તમને આ છોકરી ગમે છે, તો ચાલો લગ્ન વિશે વાત કરીએ." તેથી છૂટાછેડા લીધેલો પુરુષ લગ્ન માટે સંમત થયો.

વિપુલ ડોબરિયા, જ્યોતિબેન અને જે છોકરીનો ફોટો મોબાઈલ ફોન પર આવ્યો હતો, સંજના, છૂટાછેડા લીધેલી મહિલાના ઘરે આવ્યા. પછી જ્યોતિબેને કહ્યું, "સંજના મારા મિત્રની દીકરી છે." સંજનાના માતા-પિતા ગુજરી ગયા છે. એટલા માટે સંજના અમારા ઘરે રહે છે.

બાદમાં છૂટાછેડા લેનાર અને સંજના વાત કરે છે અને લગ્ન કરવા માટે સંમત થાય છે. જોકે, આ દરમિયાન વિપુલભાઈએ કહ્યું કે તેમણે છૂટાછેડા લેનાર પાસેથી ૧.૨૦ લાખ રૂપિયાની માંગણી કરી હતી, જેમાંથી લાખ રૂપિયા જ્યોતિબેન અને અન્ય ૨૦,૦૦૦ રૂપિયા લગ્ન માટે આ તો છૂટાછેડા લીધેલા યુવકે આ બધી બાબતો માટે હા પાડી અને લગ્નની ખરીદી શરૂ કરી.

આ સમય દરમિયાન તેઓએ ચાંદીની ચેઈન, સોનાનો હાર અને કપડાં ખરીદ્યા અને ૧૩ જુન ૨૦૨૪ના રોજ તાપી કિનારે આવેલા શંકર ભગવાન મંદિરમાં પરિવારના સભ્યોની હાજરીમાં લગ્ન કર્યા. બાદમાં, તેઓ લગ્નની વિધિઓ પૂર્ણ કરવા અને લગ્નનું પ્રમાણપત્ર મેળવવા વકીલની ઑફિસમાં ગયા. દસ્તાવેજો લખ્યા પછી જ્યારે તેઓ વરાછા ઝોન ઓફિસ ગયા, ત્યારે સંજનાએ કહ્યું કે તેની પાસે મૂળ દસ્તાવેજો નથી, તેથી તે ઘરે પાછી ફરી. બાદમાં, તેમણે વિપુલભાઈ ડોબરિયાને ૧.૨૫ લાખ રૂપિયા રોકડા આપ્યા. પછી ૧૬ જૂને, સંજનાએ તેની દાદીને મળવા જવાનું કહ્યું અને કહ્યું કે તેની તબિયત સારી નથી અને તે મહારાષ્ટ્રથી સુરત આવી છે. તેથી તે યુવક તેને ડિંડોલી સાઈ પોઈન્ટ પર છોડી ગયો. સંજનાના પરિવારના સભ્યો પહેલેથી જ હાજર હતા, ત્યારે સંજનાએ કહ્યું કે તે સાંજે ઘરે આવશે.

બાદમાં, સંજનાએ યુવકના નાના ભાઈની પત્નીને ફોન કરીને કહ્યું કે તે હવે ઘરે નહીં આવે. આ પછી યુવકે વિપુલભાઈ ડોબરિયાને ઘણી વાર ફોન કર્યો, પરંતુ કોઈ જવાબ ન મળતાં તેને ખ્યાલ આવ્યો કે તેની સાથે છેતરપિંડી થઈ છે. તેથી, સરથાણા પોલીસ સ્ટેશનમાં લૂંટારા દુલ્હન સહિત ૩ લોકો સામે ફરિયાદ નોંધાઈ હતી.

### ગરમીથી રાહત મેળવવા માટે નદી, કેનાલ, અને તળાવમાં નહાવા જતા હોય છે

# અમરેલી, હળવદ અને જૂનાગઢમાં કરૂણાંતિકાઃ ડૂબવાની ૩ ઘટનામાં ૪ બાળકોના મોત

### ફાયરની ટીમે બે બાળકોના મૃતદેહ બહાર કાઢી ૧૦૮ મારફતે સાવરકુંડલા સિવિલ પીએમ અર્થે ખસેડ્યા હતા

(સંપૂર્ણ સમાચાર સેવા)અમરેલી

ઉનાળામાં તાપમાનમાં વધારો થતાં લોકો ગરમીથી રાહત મેળવવા માટે નદી, કેનાલ, અને તળાવમાં નહાવા જતા હોય છે. જેના લીધે ડૂબી જવાની ઘટનાઓ અવાર-નવાર સામે આવતી હોય છે. ત્યારે આજે હળવદના કડીયાણા ગામે બે બાળકોના ડૂબી જવાથી મોત નીપજ્યા છે, જ્યારે સાવરકુંડલામાં ભેંસણીયા ડેમમાં નહાવા પડતા ત્રણ બાળકોમાંથી ૨ બાળકોના ડૂબી જવાથી મોત નીપજ્યા હતા અને એક બાળકને બચાવી લેવામાં આવ્યો હતો. તો બીજી તરફ જુનાગઢ જિલ્લાના શીલ ગામે નદીમાં નહાવા પડેલા ત્રણ બાળકોને ડૂબતા બચાવી લેવામાં આવ્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર હળવદ તાલુકાના કડીયાણા ગામે વોકળામાં નહાવા પડેલા બે કિશોરના મોત નીપજ્યા છે. આદિત્ય ભરવાડ (ઉં.વ. ૧૩) અને પ્રિન્સ ભરવાડ (ઉં.વ. ૧૨) નામના બે કિશોર પોતાના દાદાની સાથે ખેતરમાં ગયા હતા. ત્યારે ખેતરની બાજુમાંથી પસાર થતાં વોકળામાં નહાવા પડ્યા હતા અને ડૂબવા લાગ્યા હતા. ઘટનાની જાણ થતાં ગ્રામજનો અને પરિવારજનો ઘટનાસ્થળે પહોંચ્યા હતા.

ત્યારબાદ બંને બાળકોને બહાર કાઢી સરકારી હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબોએ બંને બાળકોને મૃત જાહેર કર્યા છે.

ઘટનાની જાણ થતાં પોલીસે ઘટનાસ્થળે પહોંચી પંચનામું કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. સાવરકુંડલાના ભેંસણીયા ડેમમાં ૨ બાળકો ડૂબ્યા, ૧નો આબાદ બચાવ

સાવરકુંડલામાં આકાશી મેલડી મંદિર પાસે ભેંસણીયા ડેમમાં નહાવા માટે ગયેલા ત્રણ બાળકો ડૂબવા લાગ્યા હતા. ઘટનાની જાણ થતાં સ્થાનિક તરવૈયા અને ફાયરની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી. જોકે આ ઘટનામાં કૃણાલ અશ્વિનભાઈ સોલંકી ઉ.વર્ષ ૧૪) અને મંત્ર રાજદીપભાઈ મસરાણી (ઉ.વર્ષ ૧૦)નું ડૂબી જવાથી મોત નીપજ્યું હતું. જ્યારે મોહિત મનીષભાઈ સોલંકી (ઉ.વર્ષ.૧૩) નો આબાદ બચાવ થયો હતો. ઉલ્લેખનીય છે કે ત્રણેય બાળકો સાવરકુંડલાના જેસર રોડ રહે છે.

ફાયરની ટીમે બે બાળકોના મૃતદેહ બહાર કાઢી ૧૦૮ મારફતે સાવરકુંડલા સિવિલ પીએમ અર્થે ખસેડ્યા હતા. ઘટનાના પગલે પરિવારજનોમાં ભારે શોક પ્રસરી જવા પામ્યો હતો અને સાવર કુંડલા સિવિલમાં પરિવારના હૈયા ફાટ રુદનના કરૂણ દ્રશ્યો સર્જાયા હતા.

જૂનાગઢમાં નદીમાં ડૂબતા ૩ બાળકોને બચાવી લેવાયા

ત્યારે અન્ય બાળકો ડૂબવાનો બનાવ જુનાગઢ જિલ્લાના માંગરોળ તાલુકાના શીલ ગામે બન્યો હતો. જેમાં નેત્રાવતી નદીમાં નહાવા પડેલા ત્રણ બાળકો ડૂબવા લાગ્યા હતા.

ત્યારે આ અંગે માછીમારોને જાણ થતાં તેમણે નદીમાં બહાર કાઢી હોસ્પિટલ ખસેડ્યા હતા. માછીમારો અને તરવૈયાની સમયસૂચકતાના લીધે બાળકોનો જીવ બચાવી લેવામાં આવ્યો હતો.

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2016/70752 Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004, Ahmedabad, Gujarat-380 004. (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002, Ahmedabad, Gujarat-380 002 (3) HARDIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002, Ahmedabad, Gujarat-380 002. and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad-382 424, Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA

### સ્કૂલ દ્વારા એફઆરસીના નિયમોનું પાલન કરાઈ રહ્યું નથી

# FRC દ્વારા વડોદરાની વિબગ્યોર સ્કૂલને ૧૦ લાખ રૂપિયાનો દંડ ફટકારાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

વડોદરા ઝોન એફઆરસીના સભ્ય કૃણાલ બ્રહ્મભટ્ટે એક વાતચીતમાં કહ્યું હતું કે, આ સ્કૂલ દ્વારા એફઆરસીના નિયમોનું પાલન કરાઈ રહ્યું નથી.વાલીઓ દ્વારા સ્કૂલ સામે છેલ્લા કેટલાક મહિનાઓમાં સંખ્યાબંધ વખત વધારે ફી લેવાતી હોવાની રજૂઆત કરવામાં આવી છે.

તેમણે આગળ કહ્યું હતું કે, સ્કૂલને નોટિસ બોર્ડ પર એફઆરસીનો ફીનો ઓર્ડર નહીં મૂકવા બદલ એક લાખ રૂપિયા, એફઆરસીના નિયમ પ્રમાણે એક ક્વાર્ટરની જગ્યાએ બે ક્વાર્ટરની ફી વાલીઓ પાસેથી લેવા બદલ એક લાખ રૂપિયા, વાલીઓની ફરિયાદ બાદ ડીઈઓ કચેરી દ્વારા બનાવવામાં આવેલી તપાસ સમિતિને જરૂરી દસ્તાવેજો પૂરા નહીં પાડવા બદલ ત્રણ લાખ રૂપિયા અને એક જ કેમ્પસમાં પ્રી પ્રાઈમરી સ્કૂલ ચલાવવા માટે અને તેની ફી મંજૂર નહીં કરવા માટે પાંચ લાખ રૂપિયા એમ કુલ મળીને દસ લાખનો દંડ ફટકારવામાં આવ્યો છે. સ્કૂલને પણ તેની સામે જવાબ આપવા માટે ત્રણ તક આપવામાં આવી હતી. સ્કૂલ સંચાલકો સંતોષકારક જવાબ રજૂ કરી શક્યા નથી.તેમણે કહ્યું હતું કે, વડોદરાના ઈતિહાસમાં ક્યારેય કોઈ સ્કૂલને એફઆરસી દ્વારા આટલો દંડ ફટકારવામાં આવ્યો નથી. અન્ય સ્કૂલો પણ જો નીતિ નિયમોનું પાલન નહીં કરે તો તેમની સામે પણ કાર્યવાહી થશે. સાથે-સાથે વાલીઓ પણ જાગૃત બને અને જો સ્કૂલ દ્વારા વધારે ફી લેવાતી હોય તો એફઆરસીનો સંપર્ક કરે. એફઆરસી અને સરકાર વાલીઓના હિતને ધ્યાનમાં રાખીને જ કામગીરી કરી રહી છે.

ઉલ્લેખનીય છે કે, વિબગ્યોર સ્કૂલને માર્ચ મહિનામાં ડીઈઓ કચેરીએ ત્રણ લાખ રૂપિયા દંડ ફટકાર્યો હતો. તેના પહેલા એફઆરસી દ્વારા ૨૦૨૪માં પણ વાલીઓ પાસેથી વધારે ફી લેવા બદલ બે લાખ રૂપિયા દંડ ફટકારવામાં આવ્યો હતો.

એફઆરસીના સભ્યોના જણાવ્યા પ્રમાણે સ્કૂલ સંચાલકો તેની સામે કોર્ટમાં ગયા છે. ઉપરાંત સ્કૂલે વચગાળાની ફી સામે વાંધો ઉઠાવ્યો હતો. એફઆરસીએ સ્કૂલને ફી નક્કી કરવાની સુનાવણી દરમિયાન હાજર રહેવા ત્રણ તક આપી હતી. જોકે સ્કૂલ સંચાલકોએ જરૂરી દસ્તાવેજો રજૂ કર્યા નહોતા. હવે આગામી દિવસોમાં અમે સ્કૂલની અંતિમ ફી સ્કૂલના પ્રતિનધિ હાજર નહીં રહે તો પણ નક્કી કરી દઈશું.

ઉલ્લેખનીય છે કે, ૨૦૨૪-૨૫ના વર્ષમાં સ્કૂલે ધો ૧ થી ૧૨માં ૧.૫૦ લાખ રૂપિયાથી માંડીને ૨.૧૦ લાખ રૂપિયા સુધીની ફીની માંગણી કરી હતી. જેની સામે એફઆરસીએ ૮૫૦૦૦ રૂપિયાથી માંડીને ૧.૭૮ લાખ રૂપિયાની વચગાળાની ફી નક્કી કરી હતી.

### યુવક ગંભીર રીતે ઈજાગ્રસ્ત

# જૂનાગઢમાં યુવક પર સિંહણે જીવલેણ હુમલો કર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા) જૂનાગઢ

ગીર વિસ્તારમાં મોટી સંખ્યામાં સિંહોનો વસવાટ છે. જ્યાં ક્યારેક સિંહો જંગલ વિસ્તાર છોડીને માનવ વસ્તીમાં આવી ચડતા હોય છે.

જેમાં સિંહ દ્વારા માણસો અને ઢોર ઢાંખર પર હુમલો કર્યો હોવાની ઘટનાઓ બનતી હોય છે.જે ઘણીવાર માણસો પર સિંહ દ્વારા હુમલો કરી દેતા મોત થયાની ઘટનાઓ પણ બની છે. તો જૂનાગઢમાંથી સિંહના હુમલાની ઘટના સામે આવી છે. જ્યાં એક સિંહણે એક યુવક પર હુમલો કરી દીધો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ જૂનાગઢમાં એક સિંહણે એક યુવક પર હુમલો કરી દીધો હતો. જે જૂનાગઢના પાદરીયા ગામમાં વહેલી સવારે ઘટના સામે આવી હતી. પાદરીયા ગામમાં વહેલી સવારે ૩ સિંહ જંગલ છોડીને ગામમાં આવી ચડ્યા હતા. જે દરમિયાન ગામના એક યુવાન ભોજા નારોલ લઘુશંકા કરવા માટે ગયા હતા. તે દરમિયાન સિંહણે યુવક પર જીવલેણ હુમલો કરી દીધો હતો. લઘુશંકા કરવા ગયેલા યુવક પર સિંહણે હુમલો કરતા યુવકના પગમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી.

યુવકને ગંભીર ઈજાઓ પહોંચતા યુવકને તાત્કાલિક ધોરણે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. તો યુવકની ગંભીર ઈજાઓની તબીબોએ સારવાર કરી હતી. તો યુવક પર સિંહણના હુમલાની જાણ વન વિભાગને કરાઈ હતી.

ઘટનાની જાણ થતા વન વિભાગનો સ્ટાફ ઘટના સ્થળે પહોંચ્યો હતો. જે બાદ સિંહોને પાછા જંગલમાં ખસેડવાની તજવીજ વનવિભાગે શરુ કરી હતી.

# રખડતા આખલાએ બાઈક સવાર યુવક અને યુવતીને અડફેટે લીધા

(સંપૂર્ણ સમાચાર સેવા)જામ ખંભાળિયા

ગુજરાતમાં રખડતા પશુઓના કારણે અનેક લોકોની જિંદગી જોખમમાં મુકાય છે. પશુઓના હુમલાથી અનેક લોકોને ગંભીર ઈજાઓ પહોંચે છે તો કેટલાક લોકો મોતને ભેટે છે. તંત્ર દ્વારા રખડતા પશુઓ સામે જરૂરી કાર્યવાહી કરવામાં આવતી નથી. દેવભૂમિ દ્વારકાના જામ ખંભાળિયામાં રખડતા પશુઓનો આતંક સામે આવ્યો છે. નગરપાલિકાની બેદરકારીથી લોકોને હાલાકીનો સામનો કરવો પડ્યો છે. બાઈક પર જઈ રહેલા યુવક અને યુવતીએ રખડતા આખલાએ અડપેટે લીધા હતાં.

**પશુઓના હુમલાથી અનેક લોકોને ગંભીર ઈજાઓ પહોંચે છે તો કેટલાક લોકો મોતને ભેટે છે**

પ્રાપ્ત વિગતો પ્રમાણે જામ ખંભાળિયામાં રાત્રિના સમયે બાઈક પર પસાર થતા યુવક અને યુવતીને એક રખડતા આખલાએ અડફેટે લીધા હતાં. આ ઘટનાના સીસીટીવી ફૂટેજ સામે આવ્યાં છે. જેમાં જોવા મળે છે કે, એક આખલો રોડની સાઈડમાં તેનો ખોરાક શોધી રહ્યો હતો અને ત્યાંથી બાઈક પર પસાર થતાં યુવક અને યુવતી પર આ આખલાએ અચાનક હુમલો કરી દીધો હતો. જેમાં યુવક અને યુવતી બાઈક પરથી નીચે પટકાયા હતાં. બંને જણાને સદનસીબે કોઈ મોટી ઈજા પહોંચી નથી.

જામ ખંભાળિયા નગર પાલિકાની બહારની સાઈડ પર આખલાઓનો અડિંગો જોવા મળ્યો છે. નગર પાલિકાની બેદરકારીને કારણે લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.

દિવસે દિવસે વધી રહેતા રખડતા ઢોરોના આતંકને કારણે લોકોમા રોષ ફેલાયો છે. પાલિકા દ્વારા રખડતા ઢોરને પાંજરે પુરવામાં આવે તેવી માગ કરવામાં આવી છે. સદનસીબે બાઈક સવાર યુવક અને યુવતીને સદભાગ્યે ઈજા પહોંચી નથી.

પરંતુ આખાલાનો હુમલો એટલો જોરદાર હતો કે, બંને જણા ગંભીર સ્થિતિમાં પહોંચી શકતા હતાં

### માદા દેડકીને આકર્ષવા માટે નર દેડકો કલર બદલી પીળા ચળકતો રંગ ધારણ કરે છે

# આણંદમાં પીળા રંગનાં દેડકાં જોવા મળતાં લોકોમાં ભારે કુતુહલ સર્જાયું

(સંપૂર્ણ સમાચાર સેવા)આણંદ

આણંદ શહેરમાં ગત રાત્રિના સુમારે પોણા બે ઈંચ વરસાદ ખાબકતાં ખુલ્લા મેદાનોમાં વરસાદી પાણી ભરાવાનાં કારણે દેડકાનું ડ્રાંઉં ડ્રાંઉં શરૂ થઈ ગયું છે. આણંદ શહેરમાં ભાલેજ રોડ ઉપર ઉમરીનગર વિસ્તારમાં ખુલ્લા પ્લોટમાં ભરાયેલા વરસાદી પાણીમાં પીળા ચળકતા રંગના નર દેડકા જોવા મળતા લોકોમાં અચરજ જોવા મળ્યું હતું, અને બાળકો કુતુહલ વસ પીળા દેડકાં જોવા ઉમટી પડ્યા હતા.આણંદ શહેરમાં ઉમરીનગર વિસ્તારમાં ભરાયેલા વરસાદી પાણીમાં પીળા રંગના દેડકા જોવા મળતા લોકોમાં અચરજ જોવા મળ્યું હતું, સામાન્ય રીતે ભૂખરા રંગના દેડકાંઓ જોવા મળે છે, પરંતુ પીળા ચળકતા રંગના નર દેડકા ભાગ્યેજ જોવા મળતા હોય છે. ઉમરીનગર વિસ્તારમાં એકી સાથે ચળકતા પીળા રંગના નર દેડકા મોટી સંખ્યામાં પાણીમા જોવા મળતા કુતુહલ પુર્વક લોકોના ટોળાં એકત્ર થઈ ગયા હતા. જીવદયા પ્રેમીઓનાં કહેવા મુજબ વરસાદની સાથે જ દેડકાનો સંવનન કાળ શરૂ થતો હોવાથી નર દેડકા દેડકીને આકર્ષવા બહાર નિકળે છે.આ અંગે આણંદનાં નેચર હેલ્પ ફાઉન્ડેશનનાં પશુ-પક્ષી જીવ પ્રેમી રાહુલ સોલંકીએ જણાવ્યું હતુંકે પીળા રંગનાં દેડકાં એ દેશી દેડકાં જ છે, જે બુલળોગ તરીકે ઓળખાય છે. એ તળાવ કે અન્ય સ્થળે પાણીમાં બનાવેલી બખોલમાં રહે છે,અને વરસાદનાં પ્રારંભ સાથે બહાર આવે છે. મોટાભાગે આ દેડકાં નિશાચર હોવાનાં કારણે માત્ર રાત્રે નિકળતાં હોઈ દિવસે નજરે પડતા નથી પરંતુ ચોમાસામાં વરસાદનાં પ્રારંભ સાથે દેડકાઓનો પ્રજનનકાળ શરૂ થતો હોય છે,એટલે આ દેડકાં બહાર આવતા હોય છે અને પોતાનાં મોઢામાં આવેલા ભુરા રંગનાં બે ફુગ્ગાઓમાં હવા ભરીને અવાજ કરે છે. જેનાંથી માદા આકર્ષાય છે. સામાન્ય રીતે આ પીળા રંગનાં દેડકાં ચોમાસાનાં પ્રારંભ સાથે જ નજરે પડતા હોય છે,જે સામાન્ય છે. માદા દેડકીને આકર્ષવા માટે નર દેડકો કલર બદલી પીળા ચળકતો રંગ ધારણ કરે છે.

### ACBએ આરોપીને તેની ઓફિસમાં જ લાંચ લેતા ઝડપ્યો

# ૧૦ હજારની લાંચ લેતા સુરત DGVCLનો ડેપ્યુટી એન્જિનીયર ઝડપાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

વડોદરામાં વીજ કનેક્શન આપવા મામલે ૧૦ હજાર રૂપિયાની લાંચ લેતા સુરત DGVCLનો ડેપ્યુટી એન્જિનીયર ACBની જાળમાં ફસાઈ ગયો હતો.આ બનાવની વિગત મુજબ સહકાર આપનાર ઈન્ડ્રસ્ટ્રીયલ એરિયામાં વીજ કનેક્શન લઈ આપવાના કોન્ટ્રાક્ટનુ કામ કરે છે. જે અન્વયે સહકાર આપનારે કડોદરા-૨ પેટા વિભાગીય કચેરી, ડી.જી.વી.સી.એલ. કડોદરામાં ઈન્ડ્રસ્ટ્રીયલ એરિયામાં વીજ કનેક્શન લેવા માટે અરજી કરી હતી.

જે વીજ કનેક્શનની અરજી એપ્રુવ કર્યાના અવેજ પેટે આરોપી રવીશકુમાર છોટકુન રામ ઉ.વ.૩૮નાયબ ઈજનેર વર્ગ-૧ દ્વારા એક વીજ કનેક્શન દીઠ રૂ.૫૦૦૦/- લેખે બે વીજ કનેક્શન ની અરજી એપ્રુવ કરવાના અવેજ પેટે રૂ.૧૦,૦૦૦/- ની લાંચની માંગણી કરી હતી. જેને પગલે ACBએ નાયબ ઈજનેરની ઓફિસમાં, કડોદરા સબ સ્ટેશન કંપાઉન્ડ, કડોદરા, સુરત ખાતે જાળ બિછાવી હતી. જેમાં રવીશકુમાર છોટકુન રામ ૧૦ હજારની લાંચ લેતા ઝડપાઈ ગયો હતો

### સ્વસ્થ્ય જીવન શૈલી તરફ સશક્ત પગલું

# ગાંધીનગર સિવિલ ખાતે વોર્ડ નં. ૧૪માં ઓબેસીટી ક્લિનીક શરૂ કરાયું

## અત્યાર સુધીમાં ૫૦૦થી વધુ દર્દીઓનું કરાયું કાઉન્સેલીંગ

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાંધીનગર

વર્તમાન સમયમાં મેદસ્વિતા ગંભીર સમસ્યા બની રહી છે. શરીરનું વજન વધારે હોય તો અનેક બીમારીનો ભોગ બનવાનો ખતરો રહે છે. પરિણામે શરીર અનેક બીમારીઓનું ઘર બને છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કરેલી 'ઓબેસીટી મુક્તિ' માટેની રાષ્ટ્રવ્યાપી પહેલ એ વર્તમાન સમયની જરૂરિયાત છે. આ અભિયાનનું મહત્ત્વ સમજી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતમાં 'સ્વસ્થ ગુજરાત - મેદસ્વિતા મુક્ત ગુજરાત'ની ઝૂંબેશ શરૂ કરી છે.

આ ઝૂંબેશ હેઠળ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં મે મહિનાના પ્રથમ અઠવાડિયામાં રાજ્યનું પ્રથમ ઓબેસીટી ક્લિનીક શરૂ કરવામાં આવ્યું છે.

ગાંધીનગર સિવિલ ખાતે વોર્ડ નં. ૧૪માં ઓબેસીટી ક્લિનીક શરૂ કરવામાં આવ્યું છે. જેમાં નિષ્ણાંત તબીબો અને નર્સિંગ સ્ટાફ નિયુક્ત કરવામાં આવ્યો છે. ગાંધીનગર ખાતે મેદસ્વીતા ક્લિનીક શરૂ કર્યા પછી અત્યાર સુધીમાં ૫૯૯ દર્દીઓ વધારે વજન તથા મેદસ્વી કેટેગરી તપાસીને જરૂરી સારવાર તથા માર્ગદર્શન આપવામાં આવ્યું છે.

ક્લિનીકમાં સારવાર માટે આવેલા દર્દીઓનું સ્ક્રીનીંગ કરી તેનું વજન તથા ઉંચાઈ માપી તેનો BMI (બોડી માસ ઈન્ડેક્ષ) માપવામાં આવે છે. જેમાં ૨૫ થી નીચે BMI વાળા તંદુરસ્ત તથા ૨૫ થી ૩૦ વચ્ચેના વધારે વજનવાળા તથા ૩૦ થી ૩૫ વચ્ચેની મેદસ્વી તથા ૩૫ થી વધારેવાળા અતિ મેદસ્વી કેટેગરીમાં આવે છે. સારવાર માટે આવતા દર્દીઓમાં ૨૫ થી વધારે BMI હોય તેઓનું કાઉન્સીલર દ્વારા મેડિકલ હિસ્ટ્રી તપાસી સાચી સમજ આપવામાં આવે છે. ડાયેટેશીન દ્વારા યોગ્ય સમતોલ તથા પોષક આહારની પણ સમજણ આપવામાં આવે છે. મેડિકલ ઓફિસર દ્વારા દર્દીની તપાસ, હિસ્ટ્રી ચકાસી જરૂરી રીપોર્ટસ બાદ જરૂરીયાત મુજબ ફિઝીશીયન, પીડીઆટ્રીશીયન, જનરલ સર્જરી વિભાગ, સાયકીઆટ્રીસ્ટ, ગાયનેકોલોજીસ્ટ દ્વારા તપાસ તથા માર્ગદર્શન આપવામાં આવે છે. બીપી, ડાયાબિટીસ, હ્રદયરોગ સહિતની બિમારીને નાથવા માટે ઓબેસીટી મહત્વનો ભાગ ભજવતો હોવાથી ઓબેસીટી ક્લિનીકમાં તેવા દર્દીઓની સારવાર કરાય છે. નિષ્ણાંત તબીબો અને નર્સિંગ સ્ટાફ દ્વારા દર્દીઓનું વજન, ઊંચાઈ અને બોડીમાસ ઈન્ડેક્શની ચકાસણી કરવામાં આવે છે. જેના આધારે લોકોને જરૂરિયાત મુજબ જીવનશૈલીમાં ફેરફાર લાવીને ડાયટ પ્લાન બનાવી આપવામાં આવે છે. આ ઉપરાંત ઓબેસીટી ક્લિનીકમાં કાઉન્સિલર દ્વારા દર્દીઓની બીમારીઓને લઈને માર્ગદર્શન આપશે. યુવા પેઢીને સશક્ત બનાવવા રાજ્ય સરકાર દ્વારા સ્વસ્થ ગુજરાત ઝુંબેશ શરૂ કરવામાં આવી. યુવાનોમાં વધતા હાર્ટએટેકના કિસ્સામાં એક કારણ મેદસ્વીપણા હોવાનું પણ સામે આવ્યું છે. ઓબેસીટી એક ગંભીર સમસ્યા બનતા રાજ્યની જુદી-જુદી હોસ્પિટલમાં ઓબેસીટી ક્લિનીક શરૂ કરવામાં આવ્યા છે. દર્દીઓને નિયમિત કસરત, યોગાસન તથા માનોચક્ર તણાવ અને કસરત કરવા જણાવવામાં આવે છે.

### કારખાનામાં ચાલી રહી હતી રામધૂન

# રામધુન કરી રહેલા ૭૫ વર્ષીય વૃદ્ધનું હાર્ટ એટેકથી મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)જામનગર

જામનગરમાં રામધુન કરી રહેલા વૃદ્ધને અચાનક હાર્ટ એટેક આવતા દુઃખની લાગણી છવાઈ ગઈ હતી. ધ્રોલના હીરાના કારખાનામાં રામધૂન ચાલતી હતી જેમાં વૃદ્ધ પણ હાજર હતા. રામધૂન બાદ તેઓનું હાર્ટ એટેકથી મોત નિપજ્યું હતું. ૭૫ વર્ષીય વિદુરસિંહ જાડેજાનું હાર્ટ એટેકથી મોત નિપજતા પરિવારમાં શોકની લહેર છવાઈ ગઈ છે.

ધ્રોલના હિરાના કારખાને ચાલી રહેલ રામધુનમાં વૃદ્ધનું હાર્ટ એટેકથી મોત નિપજ્યું છે. રામધુનમાં મશગૂલ આ વૃદ્ધને અચાનક હાર્ટ એટેક આવ્યો હતો. ૧૩ માસથી રામધુન ચાલતી હતી. હાડાટોડા ગામના વતની જાડેજા વિદુરસિંહ હળદરોલજીની ઉંમર ૭૫ વર્ષ હતી. તેઓ રામધૂનમાં મંજીરા વગાડતા હતા આ દરમિયાન હાર્ટ એટેક આવતા મોત નિપજ્યું હતું. હાર્ટ એટેક આવ્યો તે પહેલા રામધુનમાં કીર્તન કરી રહ્યા હતા તે વીડિયો થયો વાયરલ છે.

# વડોદરા ગેસ કંપનીની ઓફિસમાં ત્રીજા માળે એસીમાંથી ગેસ લીકેજ થતા દોડધામ

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા,

વડોદરા શહેરની મધ્યમાં દાંડિયા બજાર ખાતે આવેલી વડોદરા ગેસ લિમિટેડની ત્રીજા માળે આવેલી એકાઉન્ટ ઓફિસનાએસીમાં ગેસ લીકેજ થતા સલામતીના કારણોસર લાઈટો તાત્કાલિક બંધ કરીને તમામ કર્મીઓ ઓફિસ બહાર નીચે આવી ગયા હતા. ઉલ્લેખનીય છે કે વડોદરા ગેસ લિમિટેડ અને ગેલનું સંયુક્ત સાહસ છે. દાંડિયા બજાર ખાતે આવેલી ઓફિસના ત્રીજા માળે એકાઉન્ટ વિભાગ છે. નિયત સમયે તમામ માળે ઓફિસ ધમધમતી થઈ હતી. પરંતુ ત્રીજા માળે આવેલી એકાઉન્ટ ઓફિસના ચાલુ કરાયેલા એર કન્ડિશન મશીનમાંથી અચાનક ગેસ લીકેજ શરૂ થયો હતો. સમગ્ર ઓફિસમાં ગેસની દુર્ગંધ ફેલાતા સલામતીના કારણોસર તમામ લાઈટો બંધ કરી દેવાઈ હતી. ત્યારબાદ ત્રણેય માળના કર્મચારીઓ પણ લાઈટો બંધ કરીને નીચે ગ્રાઉન્ડ ફ્લોર પર આવી ગયા હતા.

જોકે દસેક મિનિટથી ગેસ લીકેજ થવા છતાં ફાયર બ્રિગેડ તંત્ર ઘટના સ્થળે પહોંચ્યું ન હતું. જોકે એર કન્ડિશનમાંથી ગેસ લીકેજ થયો હોવાની બાબતને સ્થાનિક સિક્યુરિટી ગાર્ડે પણ સમર્થન કર્યું હતું.

### પશ્ચિમ રેલવેના કાંદિવલી યાર્ડમાં મેજર બ્લૉક

# અમદાવાદ-બોરીવલી એક્સપ્રેસ આંશિક રીતે રદ રહેશે

પશ્ચિમ રેલવેના કાંદિવલી યાર્ડમાં એલિવેટેડ બુકિંગ ઓફિસને હટાવવા માટે ૫મી લાઈન અને યાર્ડ લાઈનો પર શનિવાર, ૩૧ મે ૨૦૨૫ ના રોજ ૧૩:૦૦ કલાકથી રવિવાર/ સોમવારની મધ્યરાત્રી એટલે કે ૧/૨ જૂન, ૨૦૨૫ ના રોજ ૦૧:૦૦ કલાક સુધી ૩૬ કલાકનો એક મેજર બ્લૉક લેવામાં આવશે. પ્રભાવિત ટ્રેનોની વિગતો નીચે મુજબ છે :-

શૉર્ટ ટર્મિનેટ/ઓરિજિનેટ/ આંશિકરૂપે રદ થનારી ટ્રેનો :

૧. ૩૦ અને ૩૧ મે, ૨૦૨૫ ના રોજ અમદાવાદથી ઉપડનારી ટ્રેન નંબર ૧૯૪૧૮ અમદાવાદ-બોરીવલી એક્સપ્રેસ વસઈ રોડ પર શોર્ટ ટર્મિનેટ થશે.આ ટ્રેન વસઈ રોડ અને બોરીવલી વચ્ચે આંશિકરૂપે રદ રહેશે.

૨. ૦૧ જૂન, ૨૦૨૫ ના રોજ બોરીવલીથી ઉપડનારી ટ્રેન નંબર ૧૯૪૧૭ બોરીવલી-અમદાવાદ એક્સપ્રેસ વસઈ રોડથી શોર્ટ ઓરિજિનેટ થશે. આ ટ્રેન બોરીવલી અને વસઈ રોડ વચ્ચે આંશિકરૂપે રદ રહેશે. યાત્રીઓને જણાવવામાં આવે છે કે કૃપા કરીને ઉપરોક્ત વ્યવસ્થાઓને ધ્યાનમાં રાખીને યાત્રા કરે.

### ગુજરાતમાં ૬૦ જેટલી સ્વીડિશ ૧૧ હજાર લોકોને રોજગાર અવસરો આપે છે

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની મુંબઈ સ્થિત સ્વીડનના કોન્સ્યુલ જનરલ અને ડેલીગેશન સાથે ફળદાયી બેઠક

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ સાથે મુંબઈ સ્થિત સ્વીડનના કોન્સ્યુલ જનરલ શ્રીયુત સ્વેન ઓસ્ટબર્ગે અને ૧૧ જેટલી સ્વીડિશ કંપનીઝ-ઉદ્યોગ સંચાલકોએ ફળદાયી બેઠક ગાંધીનગરમાં યોજી હતી.

ગુજરાત સરકાર અને સ્વીડન વચ્ચે વિવિધ ક્ષેત્રે રોકાણો અને સહભાગીતાને પ્રોત્સાહિત કરવા ઈન્વેસ્ટર્સ ફેસીલીટેશન મિકેનિઝમ વધુ સંગીન બનાવવાના હેતુથી આ બેઠક યોજવામાં આવી હતી.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની વિઝનરી લીડરશીપનો વ્યાપક લાભ મળે છે તેની વિગતો બેઠકની ચર્ચા દરમિયાન આપી હતી.

તેમણે કહ્યું કે, ગુજરાત પ્રો-એક્ટીવ ગવર્નન્સ અને પોલીસી ડ્રીવન સ્ટેટ તરીકે વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનમાં દેશ અને દુનિયાના રોકાણકારોની પહેલી પસંદ બન્યું છે. તેમણે સ્પષ્ટપણે જણાવ્યું કે, ગુજરાતમાં એવું પ્રોત્સાહક અને શાંતિપૂર્વક વાતાવરણ તથા સુદ્રઢ ઈન્ફ્રાસ્ટ્રક્ચર છે કે, એકવાર ગુજરાતમાં ઉદ્યોગ-રોકાણ માટે આવનારા લોકો ગુજરાત સિવાય અન્ય ક્યાંય રોકાણો માટે જતા નથી.

મુખ્યમંત્રીશ્રીએ રિન્યૂએબલ એનર્જી, ગ્રીન ગ્રોથ જેવા ક્ષેત્રોમાં પણ વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં ગુજરાતે લીડ લીધી છે તેની ભૂમિકા આપી હતી. સ્વીડનના ઉદ્યોગ-રોકાણકારોને આ ક્ષેત્રે રોકાણો માટે રાજ્ય સરકારના સહયોગ આપવા સાથે અન્ય નાના-મોટા પ્રશ્નોનું પણ ત્વરાએ યોગ્ય નિવારણ લાવવાની તેમણે ખાતરી આપી હતી. સ્વીડિશ કંપનીઝ ઉદ્યોગ સંચાલકોએ રાજ્ય સરકાર દ્વારા તેમને મળી રહેલા સહકાર અંગે મુખ્યમંત્રીશ્રીનો આભાર વ્યક્ત કર્યો હતો અને ભવિષ્યમાં પણ રાજ્ય સરકાર આવી જ ગતિશીલતાથી સહકાર આપશે તેવી અપેક્ષા દર્શાવી હતી.સ્વીડનના કોન્સ્યુલ જનરલ શ્રી સ્વેન ઓસ્ટબર્ગે કહ્યું કે, ગુજરાતમાં કુલ મળીને વિવિધ ક્ષેત્રે ૬૦ જેટલા સ્વીડિશ ઉદ્યોગ અને કંપનીઝ કાર્યરત છે તથા અંદાજે ૧૧ હજાર લોકોને રોજગાર અવસર પુરા પાડે છે.વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ "મેઈક ઈન ઈન્ડિયા મેઈડ ફોર ધ વર્લ્ડ"નો વિચાર આપ્યો છે તેને સ્વીડિશ ઉદ્યોગ-કંપનીઝ સાકાર કરે છે તેમ પણ કોન્સ્યુલ જનરલે મુખ્યમંત્રીશ્રી સાથેની વાતચીતમાં જણાવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવ શ્રી મનોજકુમાર દાસ, ઉદ્યોગના અગ્ર સચિવ શ્રીમતી મમતા વર્મા, ઉદ્યોગ કમિશનર શ્રી પી. સ્વરૂપ, મુખ્યમંત્રીશ્રીના સચિવ ડૉ. વિક્રાંત પાંડે તેમજ વરિષ્ઠ અધિકારીઓ આ બેઠકમાં જોડાયા હતા.

# મંત્રી દિકરો સબજેલમાંથી બહાર નિકળે તેની નેતાજી રાહ જોઈ રહ્યા હતા તે પહેલા જ એલસીબી સબજેલના દરવાજેથી જ મંત્રી પુત્ર ને ઉઠાવી ગઈ

પ્રતિનિધિ,ગાંધીનગર

દાહોદમાં છેલ્લા કેટલાક સમયથી બહાર આવેલા મનરેગા કૌભાંડના મંત્રી બચુ ખાબડના બંને પુત્ર બળવંત ખાબડ અને કિરણ ખાબડનુ નામ બહાર આવ્યુ છે. ત્યારબાદ તેમની ધરપકડ કરવામાં આવી હતી. આ કૌભાંડ મામલે બંનેને જામીન આપવામાં આવ્યા હતા.

જો કે જામીન મળ્યાની થોડી જ ક્ષણોમાં કિરણ ખાબડ વિરૂધ્ધ દાહોદ બી ડીવીઝન પોલીસ મથકે વધુ એક ગુન્હો નોંધાતા દાહોદ એલસીબી પોલીસે તેમની સબજેલની બહાર થી જ ધરપકડ કરી હતી. જયારે બળવંત ખાબડને જેલમાંથી છુટકારો મળ્યો હતો. આ ઘટનાને કારણે રાજકારણ ગરમાયુ છે, મનરેગા કૌભાંડમાં દાહોદના ડીઆરડીએ નિયામક દ્વારા વધુ એક ગુન્હો દાખલ કરાયો છે. બી ડીવીઝન પોલીસ મથકે કિરણ ખાબડ વિરૂધ્ધ ગુન્હો નોંધાયો છે. સબજેલમાંથી બહાર આવતા ની સાથે જ પોલીસે કિરણ ખાબડની ધરપકડ કરી હતી. જયારે બળવંત ખાબડ ને જામીન મળી જતા બહાર આવી ગયા છે. ધાનપુર ના લવારીયા ગામમાં મનરેગા ના કામો ન થયા હોવા છતાંય રૂપીયા ઉપડી ગયા હોવાની ફરીયાદ નોંધાવવામાં આવી છે. કિરણ ખાબડની એજન્સી દ્વારા ૭૯ કામોમાંથી ૨૧ કામો ન થયા હોવા છતાંય રૂપીયા ઉપડી ગયા હોવાનો ગુન્હો નોંધાયો છે. કિરણ ખાબડની ધરપકડને લઈને ગુજરાતનુ રાજકારણ ફરી ગરમાયુ છે.




# મહિસાગર જિલ્લાના કડાણા નાયબ મામલતદારે પોતાની પેઢી સમજી મરજી મુજબ મામલતદારની મંજુરી વગર અડધા દિવસમાં ૩૫૭ દાખલા ઈસ્યુ કરી દેતા ઘર ભેગા કરાયા

પ્રતિનિધિ,ગાંધીનગર

સત્તાના દુરુપયોગના ગંભીર આરોપ સાથે મહિસાગર જિલ્લાના કડાણા તાલુકાના નાયબ મામલતદાર જે જે પંડયાને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. અડધા જ દિવસમાં કડાણામાં અનુસુચિત જનજાતિના ૩૫૭ દાખલા ઈસ્યુ કરવાનો આરોપ લાગ્યા બાદ કાર્યવાહી કરવામાં આવી છે. પ્રાપ્ત માહિતી અનુસાર કડાણા તાલુકામાં વર્ષ ૨૦૨૩ માં મામલતદાર રજા પર હતા તે સમયે નાયબ મામલતદાર ને સત્તા સોંપવામાં આવી હતી તે દરમિયાન નાયબ મામલતદારે પોતાની મરજી પ્રમાણે ૩૫૭ દાખલા આડેધડ ઈસ્યુ કરી દેતા ઘર ભેગા કરવામાં આવ્યા છે. નાયબ મામલતદારે પોતાની સત્તાનો દુરુપયોગ કર્યો હતો. મુખ્ય મામલતદાર ની રજાનો લાભ ઉઠાવી અડધા જ દિવસમાં અનુસુચિત જનજાતિના ૩૫૭ દાખલા ઈસ્યુ કરી દીધા હતા. અડધા દિવસમાં દાખલા ઈસ્યુ કરનારા જે જે પંડયા સામે કાર્યવાહી કરવામાં આવી હતી અને આખરે તેમને ફરજ મોકુફ કરવામાં આવ્યા છે. જિલ્લા કલેકટર દ્વારા કાર્યવાહી કરવા માટે આદેશ કરવામાં આવ્યો છે. તેમજ અડધા દિવસમાં ઈસ્યુ કરેલા જાતિના દાખલાને રદ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.



# પાસપોર્ટ બનાવવો હવે મોંઘો પડશે : ફી માં રૂ.૫૦૦ થી રૂ.૧ હજારનો વધારો થવાની શકયતા

પ્રતિનિધિ,ગાંધીનગર

વિદેશ જવા માટે પાસપોર્ટ સૌથી મહત્વનો પુરાવો છે ગુજરાતમાં દર વરસે મોટી સંખ્યામાં લોકો વિદેશ જાય છે. સ્ટુડન્ટની સાથે ફરવા જવાનુ પણ વધી રહ્યુ છે. જેના કારણે દર વરસે પાસપોર્ટ કઢાવનારા લોકોની સંખ્યા સતત વધી રહી છે.




મળતી માહિતી પ્રમાણે વિદેશ મંત્રાલય ૧૪ વરસ બાદ પાસપોર્ટની નોર્મલ અને તત્કાલ ફી માં વધારો કરવા માટે તૈયારી કરી રહ્યુ છે. જે વર્ષ ૨૦૨૬-૨૭ સુધીમાં લાગુ થાય તેવી શકયતાઓ છે. સુત્રોના કહેવા પ્રમાણે હાલ અરજદારો પાસેથી નવા કે રીન્યુ પાસપોર્ટ ની નોર્મલ ફી રૂ.૧૫૦૦ , માઈનોર ની રૂ.૧ હજાર અને તત્કાલમાં રૂ.૩૫૦૦ લેવામાં આવી રહી છે. જે વધીને નોર્મલમાં રૂ.૨ હજાર થી ૨૫૦૦ અને તત્કાલમાં રૂ.૪૫૦૦ સુધી જયારે માઈનોરમાં રૂ.૧૫૦૦ થી ૨ હજાર સુધી ચુકવવા તૈયાર રહેવુ પડશે. એટલે કે તમામ કેટેગરીમાં રૂ.૫૦૦ થી ૧ હજાર ફી માં વધારો થશે. પાસપોર્ટ કચેરીના સુત્રોના કહેવા પ્રમાણે કેટલાક ખર્ચા વધતા પાસપોર્ટની ફીમાં વધારો થશે. વિદેશ મંત્રાલયે છેલ્લે પાસપોર્ટ ની ફી માં વધારો ૧ સપ્ટેમ્બર ૨૦૧૨ માં કર્યો હતો જેમાં નવા કે રીન્યુ પાસપોર્ટ ની ફી રૂ. ૧ હજાર થી વધારી ૧૫૦૦, માઈનોર ની ૬૦૦ થી ૧ હજાર કરી હતી, તત્કાલમાં રૂ. ૨૫૦૦ થી વધારી રૂ.૩૫૦૦ કરી હતી. આમ નોર્મલમાં રૂ.૫૦૦ , માઈનોર માં રૂ.૪૦૦ અને તત્કાલમાં રૂ.૧ હજાર નો વધારો કર્યો હતો.

### સાબરકાંઠા બેંક દ્વારા દુધ મંડળીઓને માઈક્રો એટીએમનુ વિતરણ કરાયું

# સાબરકાંઠા જિલ્લાની ખેતી વિષયક સેવા સહકારી મંડળીઓના કર્મચારીઓ માટે પેકસ-કોમ્પ્યુટરરાઈઝેશન તાલીમ કાર્યક્રમ યોજાયો

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

આંતરરાષ્ટ્રીય સહકારીતા વર્ષ ૨૦૨૫ ની ઉજવણી નિમિત્તે દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી ના સ્વપ્નને સાકાર કરવા તેમજ ગૃહ અને સહકારીતા મંત્રી અમિત શાહ ના સહકાર થી સમૃધ્ધી અંતર્ગત એટલે કે સહકારી સંસ્થાઓ વચ્ચે સહકાર તેમજ સેવા મંડળીઓ આધુનીક ટેકનોલોજી સાથે સુસજ્જ બને તથા એમ- પેકસ અંતર્ગત વિવિધ પ્રકારની સેવાઓ ગ્રામ્ય કક્ષાએ મળી રહે તે માટે જિલ્લાની ખેતી વિષયક સેવા સહકારી મંડળીઓના કર્મચારીઓ માટે પેકસ કોમ્પ્યુટરરાઈઝેશન તાલીમ કાર્યક્રમ યોજાઈ ગયો.

જેમાં કાર્યક્રમતા અધ્યક્ષ સ્થાને નાબોર્ડ, ગુજરાતના ચીફ જનરલ મેનેજર બી કે સીંગલ ઉપસ્થિત રહ્યા હતા, જેમણે અટલ પેન્શન યોજનામાં સાબરકાંઠા બેંક ને સતત વરસોથી કેન્દ્ર સરકારની પીએફઆરડીએ દ્વારા એવોર્ડ મળે છે, જે બદલ બેંકની ઉત્કૃષ્ઠ કામગીરી બદલ બિરદાવી હતી. બેંક દ્વારા જિલ્લાની દુધ મંડળીઓના સભાસદને સરળતાથી ગ્રામ્ય લેવલે પેમેન્ટ મળી રહે તે માટે ગામની દુધ મંડળીઓને માઈક્રો એટીએમનુ વિતરણ કરવામાં આવ્યુ હતું. વધુમાં વધુ ડીઝીટલ પેમેન્ટને વેગ મળે તે માટે માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યુ હતું. સાબરકાંઠા બેંક દ્વારા જોઈન્ટ લાયેબીલીટીઝ ગૃપ તથા સ્વ સહાય જુથ હેઠળ થયેલ ધિરાણો માટે ચેક અર્પણ કરવામાં આવ્યા હતા તેમજ ગુજરાત રાજયમાં સાબરકાંઠા બેંક આવા ગૃપો ને ધિરાણ આપવામાં અગ્રસ્થાને રહેલ છે જે બદલ બેંકને બિરદાવવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સહકાર ભારતી ગુજરાત પ્રદેશ અધ્યક્ષ તેમજ બેંકના પૂર્વ ચેરમેન મહેશભાઈ પટેલે પણ હાજર રહી માર્ગદર્શન આપ્યુ હતું. પ્રર્વતમાન સંજોગોમાં મંડળીઓ દ્વારા વિવિધ પ્રકારની કામગીરી કરે તેમજ જિલ્લામાં નવીન એમ પેકસ રચાય જેથી ગામડાના છેવાડાના વ્યકિતને જન સામાન્ય સુવિધાઓ મળી રહે તે ઉપર ભાર મુકયો હતો. કેન્દ્ર સરકાર દ્વારા સ્થપાયેલ સહકારી સંસ્થાઓ (ભારતીય બીજ સહકારી સમિતિ લીમીટેડ, નેશનલ કો.ઓપરેટીવ ઓર્ગેનીક લીમીટેડ, નેશનલ કો.ઓપરેટીવ એકસપોર્ટ લીમીટેડ જેવી સંસ્થાઓમાં સેવા મંડળીઓ સભ્યપદ મેળવે તે બાબતે અનુરોધ કર્યો હતો. જેથી મંડળીઓની આર્થિક સધ્ધરતા પ્રાપ્ત થાય તેવુ તેમણે જણાવ્યુ હતું. સેવા મંડળીઓ દ્વારા ગામના ખેડુતોની ઉપજનો પુરતો ભાવ મળી રહે તેમજ ખેડુતોની જણસ સચવાઈ રહે તે માટે ગોડાઉન સ્ટોરેજ ગામમાં



બનાવવા અને બેંક મારફતે મંડળીઓ દ્વારા ઉત્પાદન થયેલ જણસ ઉપર ધિરાણ આપી ખેડુતોની આર્થિક સમૃધ્ધિમાં વધારો કરવા માર્ગદર્શન પુરૂ પાડયુ હતું. હાલના સંજોગોમાં વધતી જતી કેન્સર જેવી બિમારીઓથી બચવા માટે ખેડુતો ઓર્ગેનીક ખેતી કરે તે માટે અનુરોધ કરવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં બેંકના ચેરમેન શ્રીમતી હંસાબેન પટેલ, જિલ્લા રજીસ્ટ્રાર (સહકારી મંડળીઓ) એમ આર ત્રિવેદી, નાબોર્ડ ડીડીએમ સાબરકાંઠા/અરવલ્લી મનોજ હરચંદાની, સાબરકાંઠા બેંકના ચીફ એકઝીકયુટીવ ઓફીસર એચ પી નાયક ઉપસ્થિત રહ્યા હતા. આ તબકકે બેંકના એડવાઈઝર ટુ ધી બોર્ડ હરેશભાઈ એમ પટેલ દ્વારા આભારવીધી કરી ઉપસ્થિત મહેમાનોનો આભાર માન્યો હતો.

# ઉનાળુ વેકેશન પુરૂ થાય પહેલા સ્કુલવાન ચાલકોને ટ્રાન્સપોર્ટ ની પરમીટ કઢાવી લેવા સુચનો કરાયા

પ્રતિનિધિ,ગાંધીનગર

ઉનાળાના વેકેશન બાદ ફરી શાળાઓ શરૂ થશે ત્યારે સ્કુલ વર્ધીના વાહન ચાલકો માટે પરમીટ કઢાવી લેવા માટે સુચનો કરાયા છે. સ્કુલ વર્ધીના વાહનચાલકોએ શાળા શરૂ થાય એ પહેલા પરમીટ લેવી આવશ્યક છે. સ્કુલવર્ધી માટે ટ્રાન્સપોર્ટ વાહનનો ઉપયોગ કરાશે જો કોઈ નોન ટ્રાન્સપોર્ટ વાહનનો ઉપયોગ કરશો તો તેની સામે દંડનીય જોગવાઈ કરવામાં આવી છે. ગુજરાતમાં હાલ વિદ્યાર્થીઓનુ ઉનાળુ વેકેશન ચાલી રહ્યુ છે ત્યારે હવે થોડા દિવસ બાદ ફરીથી વિદ્યાર્થીઓની શાળાઓ શરૂ થશે. સ્કુલ વર્ધી લેતા વાહન ચાલકોએ પરમીટ લેવી આવશ્યક બની છે, સાથે જ સ્કુલવર્ધી માટે ફકત ટ્રાન્સપોર્ટ વાહનનો ઉપયોગ કરી શકાશે જો કોઈપણ વાહન ચાલક નોન ટ્રાન્સપોર્ટ



વાહનનો ઉપયોગ કરતા જણાશે તો કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. નિયમો અનુસાર વાહનોમાં વિદ્યાર્થીઓને બેસાડવાની સંખ્યા પણ નકકી કરાઈ છે, ઓટો રીક્ષામાં ૬ નાના બાળકો, વેન માં ૮ ની ક્ષમતા નકકી કરાઈ છે, જો તેનાથી વધુ વિદ્યાર્થીઓ બેઠા હશે તો કાર્યવાહી થઈ શકે છે, સ્કુલવર્ધીમાં ચાલતા વાહનોનો વિમો ફરજીયાત કરાવવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓનુ વેકેશન પુર્ણ થયા બાદ શાળા શરૂ થતા પોલીસ અને આરટીઓ વિભાગ દ્વારા ડ્રાઈવનુ આયોજન થશે.

# હવે અમદાવાદ મ્યુનીસીપલ કોર્પોરેશન એએમટીએસ બસોમાં વિદ્યાર્થીનીઓ અને વિધવા બહેનોને ડીસ્કાઉન્ટ આપશેઃ ૧ જુન થી અમલ

પ્રતિનિધિ,ગાંધીનગર

અમદાવાદ મ્યુનીસીપલ કોર્પોરેશન દ્વારા શહેરજનો માટે મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે જેમાં ધો. ૧૦ બાદ અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓને બસ ટીકીટમાં ૮૫ ટકાનુ ડીસ્કાઉન્ટ મળશે જેના કારણે વિદ્યાર્થીનીઓની અભ્યાસકીય યાત્રા વધુ શસ્તી અને સુગમ બની રહેશે. અમદાવાદ શહેરમાં રહેતા વિધવા બહેનોને બસ ટીકીટ માં ૫૦ ટકાનુ ડીસ્કાઉન્ટ આપવામાં આવશે. ફકત નિર્ધારીત કાર્ડ ફી લઈને લાભ મળશે. ત્યારે ધો. ૧૦ બાદ અભ્યાસ કરતા અનાથ વિદ્યાર્થીઓ માટે બસમાં સંપૂર્ણ મુસાફરી ફ્રી માં રહેશે. જો કે



તેના માટે નકકી કરેલી કાર્ડ ફી લઈને આ લાભ આપવામાં આવશે આ તમામ નિર્ણય આવતી કાલે ૧ જુન થી અમલી બનશે.

અત્રે ઉલ્લેખનીય છે કે અગાઉ વોટસએપ સર્વિસ સેવા શરૂ કરાઈ હતી. એપ્રિલ મહિનામાં એક નવી સર્વિસ સેવા શરૂ કરવામાં આવી હતી. અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા સંચાલીત એએમટીએસ ની બસો અંગે મુસાફરો રોજેરોજ કોઈના કોઈ મુદ્દે ફરીયાદ કરતા હોય છે. ડ્રાઈવર અને કંડકટરની દાદાગીરી હોય કે બસ દ્વારા કરાયેલો અકસ્માત હોય, બસના ટાઈમીંગ અંગેની ફરીયાદો હોય, આવી અનેક ફરીયાદો એએમટીએસના તંત્ર ને મળતી હોય છે. ત્યારે હવે મુસાફરો દ્વારા કરવામાં આવતી ફરીયાદોનો તાત્કાલીક નિકાલ નહી આવવાથી તંત્ર પ્રત્યેનો વિશ્વાસ ઘટવા લાગ્યો હતો. જેથી તંત્ર દ્વારા હવે ફરીયાદ કરવા માટે વોટસએપ સેવા શરૂ કરી છે. અમદાવાદમાં એએમટીએસ બોર્ડ દ્વારા એક વોટસએપ સેવા શરૂ કરવામાં આવી છે જેમાં ફોટો કે વિડીયો વોટસએપ દ્વારા મોકલીને ફરીયાદ કરી શકાશે. નંબરો જાહેર કરાયા જેમાં બે નંબરો જાહેર કરવામાં આવ્યા હતા. આ નંબરો પરથી મુસાફરો ફરીયાદ કરી શકશે. એએમટીએસ ને લગતી કોઈપણ ફરીયાદ હોય તેનો ફોટો કે વિડીયો વોટસએપ દ્વારા મોકલીને ફરીયાદ કરી શકશે, અગાઉ કોઈપણ વ્યકિતની ફરીયાદ હોય તો પહેલા કંટ્રોલ માં કોલ કરવો પડતો અને બાદમાં બીજા દિવસે જે તે બસમાં રૂટનો સમય હોય એ ટાઈમ પર સ્થળ પર જઈ તપાસ કરવી પડતી હતી, પરંતુ હવે વોટસએપ માં કોઈ ફોટો કે વિડીયો મોકલશે તો ત્વરીત તેને લઈને કાર્યવાહી કરવામાં આવશે. સેન્ટ્રલ સ્ટેશનથી નજીકનો ડેપો કે ટર્મીનસ હશે ત્યાં જાણ કરી ટીમ સ્થળ પર મોકલી તપાસ કરવામાં આવશે.

# ગુજરાતના ૧૦ જિલ્લાઓમાં કોરોનાના કેસોનો સતત વધારોઃ ૩ દિવસમાં અચાનક કેસો વધ્યા

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં ૩ દિવસમાં કોરોનાના કેસોમાં બમણો વધારો થયો છે. આરોગ્ય વિભાગની લેટેસ્ટ માહિતી પ્રમાણે ગુજરાતના ૧૦ જિલ્લાઓમાં કોરોનાનો સતત વધારો થઈ રહ્યો છે. ગુજરાતમાં સોમવાર સાંજ સુધીમાં કોરોનાના ૧૦૯ દર્દી હતા, ગઈ કાલે ગુરૂવારે સાંજ સુધીમાં આ આંકડો વધીને ૨૨૩ થઈ ગયો છે, અમદાવાદમાં સૌથી વધુ કોરોનાના કેસ નોંધાયા છે. કોરોનાના કેસ જે નોંધાઈ રહ્યા છે તેમના સેમ્પલ લઈને જીનોમ સિકવન્સિંગ માટે મોકલવામાં આવ્યા છે. સાથે જો કોઈને શંકાસ્પદ લક્ષણો દેખાય તો ટેસ્ટ કરાવવાની સલાહ આપવામાં આવી છે, ગુજરાતમાં કોરોના વાયરસના કેસ અંગેની તાજેતરની માહિતી (૩૦ મે ૨૦૨૫ સુધી) અનુસાર રાજયમાં કોરોનાના એકટીવ કેસ સંખ્યા ૨૨૩ છે અને અમદાવાદમાં સૌથી વધુ કેસ નોંધાયા છે, હાલ ગુજરાતમાં કોરોનાના ૨૨૩ એકટીવ કેસ થઈ ગયા છે જેમાં અમદાવાદમાં સૌથી વધુ ૧૪૫ કેસ અને રાજકોટમાં ૨૩ કેસ છે. ૨૨૩ માં થી ૧૧ દર્દીઓની હોસ્પીટલમાં સારવાર ચાલી રહી છે. જિલ્લા પ્રમાણે નજર કરીએ તો (૧) અમદાવાદ-૧૪૫ એકટીવ કેસ (૨) રાજકોટ-૨૩ એકટીવ કેસ (૩) જામનગર-૧૦ એકટીવ કેસ (૪) મહેસાણા-૬ એકટીવ કેસ (૫) ગાંધીનગર-૫




એકટીવ કેસ (૬) ભાવનગર-૨ એકટીવ કેસ (૭) સુરત- યુવતિ અને ૭૩ વરસના વૃધ્ધ (૮) બનાસકાંઠા-૨ પોઝીટીવ કેસ (૯) કડી-૧ એકટીવ કેસ (૧૦) વલસાડ-૧ એકટીવ કેસ

સુરત શહેરમાં એક જ દિવસમાં વધુ ૪ કોરોનાના પોઝીટીવ કેસ નોંધાયા છે. અઠવાડીયામાં કુલ-૯ કેસ નોંધાયા છે, અત્યાર સુધીમાં કુલ-૯ કેસ નોંધાયા છે, તમામ કેસ સગરામપુરા, ગોડાદરા, રામનગર, ઉધના-મગદલ્લા રોડના હોવાનુ બહાર આવ્યુ છે. સુરત શહેરમાં મંદગતિએ પ્રવેસી રહેલો કોરોના હવે ધીરે ધીરે સુરત શહેરમાં ફેલાવવા માંડયો છે. ત્યારે હજુ કોઈ ગાઈડલાઈન આવી નથી. ગુરૂવારે વધુ ૪ કેસ પોઝીટીવ નોંધાયા હતા. સુરત શહેરમાં કોરોનાના કુલ ૯ કેસ નોંધાતા મેયર દક્ષેશ માવાણીએ આરોગ્ય તંત્રને તકેદારીના તમામ પગલા ભરવા માટે સુચના આપી છે. નાગરીકોને ભીડભાડ વાળી જગ્યાએ જવાનુ ટાળવુ, તેમજ જવાનુ થાય તો અવશ્ય માસ્ક અચુક પહેરવા માટે અનુરોધ કરવામાં આવ્યો છે.


તો બીજી તરફ અમદાવાદ ની સોલા સીવીલ હોસ્પીટલમાં હાલમાં કોરોનાના પોઝીટીવ ૨ દર્દી સારવાર હેઠળ છે, જેમાં કોરોના પોઝીટીવ નવજાત બાળકને એનઆઈસીયુ માં રખાયુ છે, બાળક ઓકિસજનની મદદથી સારવાર હેઠળ છે.

ગત અઠવાડીએ બાળકની માતા કોરોના પોઝીટીવ થઈ હતી. અસારવા સીવીલ હોસ્પીટલમાં પણ કોરોનાના ૩ કેસ નોંધાયા છે. ૮ મહિનાની બાળકીનો કેસ પોઝીટીવ આવ્યો છે. બાળકીને ઘણી બધી જુદી જુદી કોમોબોર્ટીઝ છે, અન્ય બિમારીની સારવાર લેવા આવેલી બાળકીનો રીપોર્ટ કરાવતા પોઝીટીવ આવ્યો હતો. હાલ બાળકી પીઆઈસીયુમાં દાખલ છે.

# ગુજરાતમાં કોરોનાના સતત વધતા જતા કેસો વચ્ચે ટીબી વધુ ઘાતકઃ ટીબીના કેસોમાં પણ સતત વધારોઃ સરેરાશ ૩૮૦ નવા કેસ નોંધાયાઃ ૮ના મોત

પ્રતિનિધિ,ગાંધીનગર

એક વરસમાં ટયુબરકયુલોસીસ (ટીબી) ના સૌથી વધુ કેસ નોંધાયા હોય તેવા રાજયોમાં ગુજરાત છઠ્ઠા ક્રમે છે. જો કે છેલ્લા ૮ વરસમાં ટીબીના મૃત્યુદરમાં ૩૭ ટકા, નવા કેસના પ્રમાણમાં ૩૪ ટકા ઘટાડાનો આરોગ્ય વિભાગ દ્વારા દાવો કરવામાં આવ્યો છે. ગુજરાતમાં વર્ષ ૨૦૨૪ દરમિયાન ટીબીના ૧.૩૯ લાખ કેસ નોંધાયા હતા. ટીબીના સૌથી વધુ કેસ ઉત્તર પ્રદેશમાં ૬.૮૧ લાખ સાથે મોખરે હતો. એક અહેવાલ પ્રમાણે ગુજરાત




રાજયમાં વર્ષ ૨૦૧૫ ની સાપેક્ષે વર્ષ ૨૦૨૩ માં નવા દર્દીઓના રજીસ્ટ્રેશનમાં ૩૪ ટકા અને મૃત્યુ દરમાં ૩૭ ટકાનો નોધપાત્ર ઘટાડો નોંધાયો છે. છેલ્લા ચાર વરસની વાત કરવામાં આવે તો ગુજરાતમાં ટીબીના નવા દર્દીઓ રજીસ્ટ્રેશનમાં વર્ષ ૨૦૨૨ માં ૧,૪૨,૧૩૩, વર્ષ ૨૦૨૩ માં ૧,૩૩,૭૯૯, વર્ષ ૨૦૨૪ માં ૧,૩૩,૮૦૫ નોંધણી થઈ હતી જેની સામે સાજા થયેલા દર્દીઓની સંખ્યા જોતા વર્ષ ૨૦૨૨ માં ૧,૩૦,૪૩૮, વર્ષ ૨૦૨૩ માં ૧,૨૨,૫૮૮ અને વર્ષ ૨૦૨૪ માં ૧,૨૪,૯૭૧ ટીબીની બિમારીને મ્હાત આપીને સાજા થયા છે. વર્ષ ૨૦૨૫ માં જાન્યુઆરી થી એપ્રિલ દરમિયાન ૪૫૨૮૨ નવા ટીબીના દર્દીઓ નોંધાયા છે. મૃત્યુ પામેલ દર્દીઓની સંખ્યા ૧૦૧૧ છે. જે વર્ષ ૨૦૨૪-૨૫ માં આ સમયગાળા દરમિયાન ૨૨૦૧ હતી, આમ ટીબીના કારણે મૃત્યુ પામતા દર્દીઓની સંખ્યામાં સતત ઘટાડો જોવા મળી રહ્યો છે. ટીબીના દર્દીઓ સ્વસ્થ થાય અને મૃત્યુદર ઘટે તે માટે કેન્દ્ર સરકાર દ્વારા એક પ્રોટોકોલ તૈયાર કરાયો છે જેમાં ટીબી નિદાનના તમામ તબકકામાં દર્દીઓને અતિ જોખમી અને ઓછા જોખમીની શ્રેણીમાં વિભાજીત કરાય છે.

અતિ જોખમી ટીબીના દર્દીઓની સારવાર માટે સબ ડીસ્ટ્રીકટ મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પીટલ સુધી તમામ પ્રકારની સારવાર ઉપલબ્ધ કરાવવામાં દવા શરૂ થવાના ૧૫ દિવસ બાદ અને ત્યારબાદ ૨ મહિના પછી સમગ્ર સ્થિતિનું મુલ્યાંકન કરવામાં આવે છે.

# ગુજરાતમાં ઉનાળુ વેકેશન બાદ શાળા સંચાલકોએ પ્રવાસના આયોજન વખતે પોલીસને જાણ કરવી પડશે

પ્રતિનિધિ,ગાંધીનગર

બહાર હરવુ ફરવુ કોને ન ગમે બધા જ લોકોને ફરવાનો શોખ હોય છે, લોકો પરીવાર કે મિત્રો સાથે કયાંક ને કયાંક ફરવા જતા જ હોય છે, પરંતુ જયારે બાળપણમાં શાળામાંથી કયાંક ફરવા લઈ જાય એટલે કે સ્કુલમાંથી પ્રવાસનુ આયોજન થાય તેમાં ફરવા જવાની કંઈક અલગ જ હોય છે.

શાળામાંથી જયારે કોઈ પ્રવાસનુ આયોજન થાય તેમાં ઘણા બધા મિત્રો અને શિક્ષકો સાથે ફરવા જવાનુ તોફાન મસ્તી કરવાની એટલુ જ નહી ત્યાં જઈને શિક્ષકો જમવાનુ બનાવડાવે તેને સાથે મળીને ધીંગા મસ્તી કરતા ખાવાનુ આની તો મજા જ કંઈક અલગ જ હોય છે, પરંતુ આ બધા વચ્ચે વાલીઓને બાળકોની ચિંતા સતત રહેતી હોય છે કે છોકરાને કશુ થઈ ન જાય, એટલા માટે સરકાર આ સમસ્યાનુ સમાધાન લાવી છે,



સરકાર દ્વારા રાજયમાં શાળા સંચાલકો દ્વારા યોજાતા પ્રવાસ અંગે મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. શાળાઓના પ્રવાસ દરમિયાન ૨ પોલીસ કર્મચારીઓ સાથે રહેશે, એટલુ જ નહી વિદ્યાર્થીનીઓને લઈ જતા પ્રવાસમાં પણ મહિલા પોલીસ કર્મચારીઓ સાથે રાખવામાં આવશે. કોન્ફરન્સ દરમિયાન વડાપ્રધાન મોદીએ સુચનો આપ્યા હતા કે ડીજીપી કોન્ફરન્સ ૨૦૨૪ માં થયેલા પ્રવાસ અંગેના સુચનોનો અમલ થશે. આ નિર્ણયના કારણે ડીજીપી કચેરીએ શિક્ષણ વિભાગને પત્ર લખી જાણ કરી છે.

# ગુજરાતમાં હડતાળીયા રેશનીંગ દુકાનના વેપારીઓમાં પડયા બે ભાગલા : એક યુનિયનનુ રવિવારથી હડતાળનુ એલાન બીજુ યુનિયન રાબેતા મુજબ દુકાનો ખુલ્લી રાખશે

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં આવતી કાલે રવિવાર થી રેશનીંગના પરવાનેદારોના એક મંડળે હડતાળનુ એલાન જાહેર કર્યુ છે જયારે રાજકોટ સહિતના અડધા ગુજરાતનુ પ્રતિનિધિત્વ કરતુ અન્ય એક યુનિયન ઓલ ગુજરાત ફેર પ્રાઈસ વેપારી એસોસીએશન હડતાળ થી અલીપ્ત રહેતા વેપારીઓમાં તડા જેવી સ્થિતિ સર્જાયેલ છે. ગુજરાતની રાશનની દુકાનોમાં આવતી કાલે તા. ૧ જુન થી અનાજ વિતરણ નહી કરવાનો નિર્ણય દુકાનદારોએ લીધો છે, ગુજરાત ફેર પ્રાઈસ શોપ્સ એન્ડ કેરોસીન લાયસન્સ હોલ્ડર એસોસીએશનની ગઈ કાલે બેઠક મળી હતી જેમાં સરકાર સામેના વિવિધ પ્રશ્નો અને માંગણીઓને મુદ્દે આવતી કાલે તા. ૧ જુન થી રાશન દુકાનોમાં અનાજ વિતરણ ન કરવાનો નિર્ણય લેવાયો છે. જો કે બીજા એક મોટા યુનિયન ઓલ ગુજરાત ફેર પ્રાઈસ વેપારી એસોસીએશને હડતાળમાં નહી જોડાવવાનો નિર્ણય લીધો છે.



# કડી-વિસાવદર બેઠકો પર જામશે ચતુષ્કોણીય જંગ : પ્રજાશકિત ડેમોક્રેટિક પાર્ટીની સાથે આમ આદમી પાર્ટીએ પણ ઉમેદવારો જાહેર કર્યા

પ્રતિનિધિ,ગાંધીનગર

કડી અને વિસાવદર બેઠક પર ગુજરાત વિધાનસભાની પેટા ચુંટણી જાહેર થઈ ગઈ છે આમ આદમી પાર્ટીએ કડી વિધાનસભા બેઠક પર પોતાના ઉમેદવાર જાહેર કર્યા છે. આમ આદમી પાર્ટીએ કડી બેઠક પર જગદીશ ચાવડાને ચુંટણી જંગમાં ઉતાર્યા છે. આમ આદમી પાર્ટી પ્રમુખ ઈસુદાન ગઢવીએ કડી વિધાનસભા બેઠક પર ઉમેદવારનુ નામ જાહેર કર્યુ હતું. વધુમાં ઈસુદાન ગઢવીએ કહ્યુ હતુ કે કડી અને વિસાવદરમાં આમ આદમી પાર્ટી મજબુતીથી ચુંટણી લડશે. આમ





આદમી પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ ઈસુદાન ગઢવીએ કહ્યુ હતુ કે કડી વિધાનસભા પેટા ચુંટણી યોજાવવાની છે તે માટે યુવા અને લડાયક ચહેરો જગદીશ ચાવડાને ઉમેદવાર બનાવવામાં આવ્યા છે. કડી સહિત આખા ગુજરાતના સર્વ સમાજના લોકો માટે તેમને અવાજ ઉઠાવ્યો છે તે એસસી વિંગના પ્રદેશ અધ્યક્ષ છે. મજબુતાઈથી આમ આદમી પાર્ટી કડી વિધાનસભા ચુંટણી લડશે આ ચુંટણી ભાજપનો ભ્રષ્ટાચાર, ભાજપનો અત્યાચાર, બેરોજગાર યુવાન, વિવિધ રીતે લોકો પર અત્યાચાર થાય છે. નોકરીઓમાં ગપલા થાય છે, મોંઘવારી ચરમસીમા પર છે, આ બધાનો જવાબ આપવાનો સમય એટલે કડી અને વિસાવદરની ચુંટણી છે.

ઈસુદાન ગઢવીએ વિશ્વાસ વ્યકત કરતા કહ્યુ હતુ કે જગદીશ ચાવડા કડી વિધાનસભા ચુંટણી મજબુતાઈથી લડશે અને જીતશે. તો બીજી તરફ કડી અને વિસાવદર વિધાનસભા બેઠકો પર વર્ચસ્વ નો જંગ જામવાનો છે આ બંને બેઠક પર ચતુષ્કોણીય જંગ જામવાનો છે. બંને વિધાનસભા બેઠકો પર ૧૯ જુન ૨૦૨૫ ના રોજ મતદાન યોજાશે અને ૨૩ જુને મતગણતરી કરવામાં આવશે. બંને બેઠકો પર જીત માટે હવે દરેક પક્ષ એડી ચોટીનુ જોર લગાવી રહ્યા છે. આજે આ બેઠક માટે પ્રજાશકિત ડેમોક્રેટિક પાર્ટીએ પોતાના ઉમેદવારોના નામ જાહેર કરી દીધા છે. આ બંને બેઠકો પરથી ઉમેદવારોના નામની જાહેરાત કરી દીધી છે. જેમાં કડી વિધાનસભા બેઠક પરથી ડો.ગીરીશ કાપડીયા અને વિસાવદર બેઠક પરથી કિશોર કાનકડ (કાનપરીયા) ને ટીકીટ આપવામાં આવી છે.

# અગાઉના ખૂનની અદાવતમાં ભાવનગરમાં પોલીસ પુત્રની હત્યા થઈ : ત્રણ સામે ગુનો

(સંપૂર્ણ સમાચાર સેવા)ભાવનગર

ભાવનગરમાં મહિલા પોલીસ પુત્રની થયેલી હત્યા કેસમાં ત્રણ આરોપી સામે ગુનો દાખલ થયો છે. આ હત્યા અગાઉ થયેલા ખૂનનો બદલો લેવાની અદાવતમાં થયું હોવાનું સામે આવ્યું છે. મૃતક પોતે અગાઉના ખૂન કેસનો આરોપી હતો અને આજીવન કેદની સજા પડી હતી અને હાલ જામીન પર મુક્ત હોવાનું સામે આવ્યું છે. ભાવનગરમાં મહિલા પોલીસકર્મીના પુત્રની નિર્મમ હત્યા કરવામાં આવી છે. વર્ષ ૨૦૧૮માં રેખાબેનના પુત્ર કેવલ અને તેમના અન્ય સગાઓનો માલધારી સોસાયટીમા રહેતા કરશન ઉર્ફે ભાણો સાટીયા સાથે ઝઘડો થયો હતો. આ ઝઘડામાં કરશનને ગંભીર ઈજાઓ થતાં તેનું મૃત્યુ થયું હતું. કોર્ટે કેવલને આ કેસમાં આજીવન કેદની સજા ફટકારી હતી. છેલ્લા અઢી વર્ષથી કેવલ અપીલ દરમિયાન જામીન પર મુક્ત હતો. તાજેતરમાં અગાઉના મૃતક કરશનના ભાઈ અર્જુન સાટીયા, ભરત ખીમાભાઈ સાટીયા અને ભાર્ગવ ઉર્ફે ભરત પાતાભાઈ સાટીયાએ બદલો લેવા કેવલને ગળા અને પેટના ભાગે છરીના ઘા માર્યા હતા. આ હુમલામાં કેવલનું મૃત્યુ થયું.